આજનો સુવિચાર
માન પામે તે નહિ, પણ માન પચાવી જાણે તે મહાત્મા છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૭૩ જૂનાગઢ તા.૦૪-૧૧-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 273, Junagadh : Date : 04 November, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## નેપાળમાં ૬.૪ની તિવ્રતાનો ભયાનક ભુકંપ : ૨૫૦થી વધુનાં મોત : ભારે તબાહી




કાઠમંડુ, તા.૪: નેપાળના જાજરકોટ જીલ્લાનાં પશ્ચિમ વિસ્તારમાં ગતરોજ આવેલા ભયાનક ભૂકંપમાં ઓછામાં ઓછા ૨૫૦ લોકો માર્યા ગયા છે અને સેંકડો લોકો ઘાયલ થયા છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે ભૂકંપના આંચકા એટલા તિવ્ર હતા કે સેંકડો મકાનો ધરાશાયી થઈ ગયા છે. રાહત અને બચાવમાં લાગેલી એજન્સીઓએ જણાવ્યું કે ભૂકંપના કારણે અત્યાર સુધીમાં ૨૫૦ લોકોના મોત થયા છે. મોટી સંખ્યામાં લોકો ઘાયલ છે, જેમને સારવાર માટે નજીકની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એજન્સીઓને આશંકા છે કે મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે. રાત્રિના કારણે અમુક વિસ્તારોમાં જ બચાવ કાર્ય શકય બન્યું હતું. આ ભૂકંપ ઉત્તર પ્રદેશના ઘણા વિસ્તારોમાં પણ અનુભવાયો હતો. રાજધાની લખનૌ સહિત અનેક શહેરો અને નગરોમાં લોકો ઘરની બહાર આવી ગયા હતા.નેપાળના અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે રૂકુમ પશ્ચિમમાં ૩૫ થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે જાજરકોટ જિલ્લામાં ૯૦ થી વધુ લોકોના મોત થયા છે. ભૂકંપ બાદ બચાવ દળ બચાવ કામગીરીમાં લાગેલું છે. શુક્રવારે રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે નેપાળના પશ્ચિમ વિસ્તારમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૪ માપવામાં આવી છે. ભૂકંપના આંચકા દિલ્હી સહિત ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં અનુભવાયા હતા.

નેપાળના રાષ્ટ્રીય ધરતીકંપ માપન કેન્દ્રના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભૂકંપ રાત્રે ૧૧.૪૭ વાગ્યે આવ્યો હતો, જેનું કેન્દ્ર જાજરકોટમાં ભૂગર્ભમાં ૧૦ કિલોમીટરની ઊંડાઈમાં હતું. ભૂકંપની અસર ભારત અને ચીનમાં પણ જોવા મળી હતી. ભારતમાં પણ લગભગ ૪૦ સેકન્ડ સુધી ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

તે જ સમયે, નેપાળની રાજધાની કાઠમંડુ અને તેની આસપાસના વિસ્તારોમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. જાજરકોટ કાઠમંડુથી પશ્ચિમમાં લગભગ ૫૦૦ કિલોમીટર દૂર છે. ભૂકંપના આંચકા અનુભવાતા જ કાઠમંડુમાં લોકો ઘરની બહાર આવી ગયા હતા. આ દરમિયાન લોકો રસ્તા પર ભારે ડરી ગયેલા જોવા મળ્યા હતા.

નેપાળના નેશનલ સિસ્મોલોજીકલ સેન્ટરે જણાવ્યું હતું કે ભૂકંપની તીવ્રતા ૬.૪ હતી, પરંતુ જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સીસએ બાદમાં તેની તીવ્રતા ઘટાડીને ૫.૭ કરી હતી અને યુએસ જીઓલોજિકલ સર્વેએ તેની તીવ્રતા ૫.૬ હોવાનો અંદાજ મૂકયો હતો. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે જાજરકોટમાં ભૂકંપના કેન્દ્રની નજીકના વિસ્તાર સાથે સંપર્ક સ્થાપિત કરવો શકય નથી. જાજરકોટ એ ૧૯૦,૦૦૦ ની વસ્તી ધરાવતો નેપાળનો એક પહાડી જિલ્લો છે, જ્યાં ગામડાઓ દૂરના ટેકરીઓમાં પથરાયેલા છે. જાજરકોટના સ્થાનિક અધિકારી હરીશ ચંદ્ર શર્માએ જણાવ્યું હતું કે જાજારકોટ જિલ્લામાં ઓછામાં ઓછા ૩૪ લોકો માર્યા ગયા હતા.




## વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદમાં ૭૯ દિવસ બાદ સર્વેની કામગીરી પૂર્ણ : ૧૫ દિવસમાં રીપોર્ટ આવશે

વારાણસી,તા.૪ : ઉત્તર પ્રદેશના વારાણસીમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઈ)એ જ્ઞાનવાપી મસ્જિદ જિલ્લા કોર્ટને સોંપી દેવાના ઓર્ડર હેઠળ વૈજ્ઞાનિક સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ સર્વેમાં એ જાણવાનું છે કે શું આ મસ્જિદ હિન્દુ મંદિરની ઉપર આવેલી છે? ASI સર્વે ટીમ ૭૯ દિવસ સુધી જ્ઞાનવાપી સંકુલનો સર્વે કર્યા બાદ ગુરુવારે રવાના થઈ ગઈ હતી. આ સર્વેનું પરિણામ એટલે કે અભ્યાસ અહેવાલ ૧૭ નવેમ્બરે જિલ્લા કોર્ટમાં રજૂ કરવાનો છે.

ASI ટીમે અભ્યાસ રિપોર્ટ તૈયાર કરવા માટે ૧૫ દિવસનો વધારાનો સમય માંગ્યો હતો. એએસઆઈને અભ્યાસ રિપોર્ટ સબમિટ કરવા માટે અગાઉ ૩ નવેમ્બરની તારીખ આપવામાં આવી હતી. વારાણસીનાં ડીએમ રાજલિંગમે શુક્રવારે કહ્યું કે ASI અધિકારીઓ તેમના તમામ સાધનો સાથે રવાના થઈ ગયા છે. કેન્દ્ર સરકારના વકીલ અમિત શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે ટીમ ગુરુવારે કામ પૂરું કરી રહી હતી. ત્યારે કોર્ટે રિપોર્ટ સબમિટ કરવા માટે ૧૫ દિવસના વધારાના સમયની ASIની વિનંતી સ્વીકારી હતી.

વકીલે કહ્યું કે કોર્ટે અવલોકન કર્યું કે એએસઆઈને સર્વેક્ષણ દરમિયાન એકત્રિત કરાયેલ ફોટોગ્રાફસ, અન્ય ડેટા અને તથ્યોનું વિશ્લેષણ પૂર્ણ કરવા માટે સમય આપવો સમજદારી રહેશે. ASI સર્વેક્ષણની માંગણી સાથે ૧૬ મેના રોજ અરજી દાખલ કરનાર ચાર મહિલા વાદીઓના વકીલ વિષ્ણુ જૈને આ પગલાને આવકાર્યું હતું. વિષ્ણુ જૈને કહ્યું કે ૧૭ નવેમ્બર એ ઐતિહાસિક દિવસ હશે જ્યારે ASI પોતાનો રિપોર્ટ સોંપશે. અરજદારો જ્ઞાનવાપી પરિસરમાં શ્રીંગાર ગૌરી અને અન્ય દેવતાઓની પૂજા કરવાનો અધિકાર માંગી રહ્યા છે.

### સમાચાર રાઉન્ડ અપ

- પાકિસ્તાનનાં મીયાવાલી એરબેઝ ઉપર ત્રાસવાદી હુમલો : ૧૪ સૈનિકો અને ત્રણ ત્રાસવાદીઓના મોત : અનેક વિમાનો સળગાવી નાખ્યા : ૪૦ વિમાનો ક્ષતિગ્રસ્ત : તહેરીકે જેહાદ પાકિસ્તાને જવાબદારી સ્વીકારી
- ગાઝાની સૌથી મોટી હોસ્પીટલ ઉપર ઈઝરાયલનો હુમલો : સંખ્યાબંધ મોત
- ભુકંપગ્રસ્ત નેપાળને શકય તમામ મદદ કરવા વડાપ્રધાન મોદીએ જણાવ્યું
- વાયુ પ્રદુષણથી દિલ્હીની દરેક વ્યકિતને રોજની ૨૦ સીગરેટ પીવા જેટલું નુકશાન થાય છે
- દિવાળી બોનસથી બજારોમાં ભારે રોનક : રૂા. ૩.૫ લાખ કરોડથી વધુનું વેચાણ થશે
- ગુજરાત - રાજસ્થાન સરહદે સર્જાયેલા અકસ્માતમાં ૪નાં મોત
- ઈજાગ્રસ્ત હાર્દિક પંડયા વર્લ્ડ કપમાંથી બહાર : પી.કૃષ્ણા ટીમમાં શામેલ
- હવે ગુજરાતમાં ઈડીનાં દરોડા : અમદાવાદ, નવસારી, કચ્છમાં ૧૩ સ્થળોએ દરોડાની કાર્યવાહી
- મુકેશ અંબાણીએ ગુજરાતમાં અમદાવાદ સ્થિત લાલભાઈ પરિવારની ફેશન ડીવીઝનની કંપની ખરીદી
- રામમંદિરનાં ઉદ્‌ઘાટન સમયે દેશનાં પાંચ લાખ મંદિરોમાં પુજા યોજવાનો વીએચપીનો કાર્યક્રમ









# અંધ કન્યા છાત્રાલયની પ્રજ્ઞાચક્ષુ દીકરીઓને નવરાત્રી ઉત્સવ નિમિત્તે સંસ્થા દ્વારા રાષ્ટ્રીય વાણી સમ્રાટ પૂજ્ય નમ્રમુનિ મહારાજશ્રીના હસ્તે ફિક્સ ડિપોઝિટ અર્પણ કરાઈ





જૂનાગઢ તા.૪

અંધ કન્યા છાત્રાલય છેલ્લા ૧૭ વર્ષથી પ્રજ્ઞાચક્ષુ દીકરીઓ માટે શૈક્ષણિક વિવિધ પ્રવૃત્તિ કરી રહી છે, તેમજ અંધ દીકરીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે સંસ્થા દ્વારા દર વર્ષે રાસ ગરબાઓનું આયોજન કરવામાં આવે છે જેમાં નવરાત્રી રાસ ગરબામાં આ વર્ષે જૂનાગઢની વિવિધ ગરબીઓમાં ગરબા રમી આંખની ખામી હોવા છતાં આંતર ચક્ષુ દ્વારા કલરવ ના માધ્યમથી પ્રાચીન તેમજ અર્વાચીન તેમજ પાર્ટી પ્લોટ જેવી ગરબી ઓ માં જોઈએ તો રાયજી બાગ ગરબી મંડળ, વણઝારી ગરબી,સોની સમાજ ગરબી, લુવાણા મહાજન વાડી ગરબી, સિંધી સમાજ ગરબી, રાજપુત સમાજ ગરબી, મિસરી ગ્રુપ તેમજ પલાસવા, માણાવદરના ખાંભલા, નાકરા, બાલાગામ, સુપેડી, કોલકી, ગાંધીગ્રામ ,શાપુર વગેરે ગરબી મંડળોના અને સમાજના વિવિધ પાર્ટી પ્લોટોમાં રાસ ગરબા રમી અંધ દીકરીઓએ ગરબાની રમઝટ બોલાવી હતી.અને આ સાથે ગરબી મંડળના આયોજકો અને સંચાલકોનો ખૂબ જ સહયોગ મળેલ હતો એટલું જ નહીં રાજ્યકક્ષાએ પણ પ્રાચીન ગરબાઓમાં પ્રથમ નંબર મેળવી અંધ કન્યા છાત્રાલયનું નામ અને જુનાગઢનું ગુજરાત કક્ષાએ ગૌરવ વધારતા સંસ્થાના પ્રમુખશ્રી મનસુખભાઈ વાજા એ અભિનંદન પાઠવતાની સાથે સાથે કોકો બેંકના ડાયરેકટર તરીકે કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક માં વ્યક્તિગત બેંક એકાઉન્ટ ખોલાવી દરેક દીકરીઓને ૮ હજારની ફિક્સ ડિપોઝિટ કરાવી હતી.અને વ્યક્તિગત સંસ્થા દ્વારા આર્થિક સહયોગ આપવામાં આવ્યો હતો. એટલું જ નહીં હર હંમેશ અંધ દીકરીઓ ને ભવનાથ જૈન સંઘ પારસધામ આશ્રમના પૂજ્ય રાષ્ટ્રીય વાણીસમ્રાટ સંત શ્રી નમ્રમુનિ મહારાજના સાનિધ્યમાં અને જૈનગુરુદેવના આશીર્વાદ સાથે આ બેંક ફિક્સ ડિપોઝિટ સર્ટિફિકેટ અર્પણ કરાવતા સર્વે ટ્રસ્ટીઓ વતી આનંદ વ્યક્ત કર્યો હતો. પારસધામ ભવનાથ જૈન આશ્રમમાં આજના કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત રહેલા અંધ કન્યા છાત્રાલયના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મુકેશ એસ મેઘનાથી ટ્રસ્ટી શ્રી બટુક બાપુ, શ્રી શાંતાબેન બેસ, શ્રી સંતોષબેન મુદ્રા, શ્રી અલ્પેશભાઈ પરમાર, શ્રી કચરાભાઈ પરમાર, શ્રી ચંપકભાઈ જેઠવા, શ્રી ઉષાબેન વાજા , જોસનાબેન જેઠવા શ્રી રજનીબેન પુરોહિત વગેરેની હાજરી અમૂલ્ય હતી તેમજ જૈન સમાજનો પણ અંધ કન્યા છાત્રાલયને રોપટોપ સોલાર પેનલ કે જેની કિંમત ૩,૬૫,૦૦૦ પૂજ્ય રાષ્ટ્રીય વાણી સમ્રાટ સંતશ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના આવા મોટા દાનથી અંધ કન્યા છાત્રાલયનું આજીવન લાઈટ બિલ ન ભરવું પડે તે હેતુસર જૈન સમાજના અગ્રણી શ્રી પ્રોફેસર દામાણી સાહેબ, શ્રી લલીતભાઈ દોશીનો સંસ્થાના તમામ ટ્રસ્ટીઓ અને અંધ દીકરીઓ વતી હૃદય પૂર્વક જૈન સમાજનો અને જૈનગુરુદેવનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો ગુરુદેવના આશીર્વાદ લઈ પવિત્ર ગંગા સમાન શબ્દો અને પ્રેરણાદાયશુભ ગુરૂવાણીનો દિવ્યાંગ દીકરીઓએ લાભ લીધો હતો અને અંધ દીકરીઓએ જણાવ્યું હતું કે દેખ્યાનો દેશ તમે લઈ લીધો નાથ પણ કલરવ ની દુનિયા અમારી આ પંક્તિના માધ્યમથી પવિત્ર ગુરૂવાણી સાંભળી વ્યક્તિગત જીવનમાં ઉતારી ભાવવિભોર બની હતી અને પૂજ્ય ગુરુદેવ ના આશીર્વાદ સાથે તમામ દીકરીઓને પ્રસાદીરૂપી ચાંદીના સિક્કા આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

# બેંગ્લોરમાં લેઉવા પટેલ સમાજના ગરબા-સ્નેહમિલન અને ગરબા નાઈટ કાર્યક્રમમાં નરેશભાઈ પટેલે આપી હાજરી



ખોડલધામ તા.૪

શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ- બેંગ્લોર દ્વારા ગત તારીખ ૨૯ ઓક્ટોબરના રોજ બેંગ્લોરની ધરતી પર સ્નેહમિલન અને ગરબા નાઈટ કાર્યક્રમનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. બેંગ્લોર ખાતે મોટી સંખ્યામાં લેઉવા પટેલ સમાજના પરિવારો વસવાટ કરી રહ્યા છે. ત્યારે તમામ પરિવારો એકજૂટ થઈને એકબીજાને મદદરૂપ થઈ શકે અને સામાજિક સંગઠન મજબૂત બની રહે તે હેતુંથી વર્ષોથી બેંગ્લોરમાં શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ- બેંગ્લોર ટ્રસ્ટ બન્યું છે. ત્યારે આ ગ્રુપ દ્વારા અવાર નવાર સામાજિક-ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. ગત તારીખ ૨૯ ઓક્ટોબર ને શરદ પૂર્ણિમાના રોજ બેંગ્લોરના બનારઘાટા રોડ પર આવેલા કલ્યાણી કલામંદિર ખાતે સ્નેહમિલન અને ગરબા નાઈટ કાર્યક્રમનું ભવ્યાતિભવ્ય આયોજન કરાયું હતું. જેમાં સૌએ સાથે મળીને મા ખોડલની આરતી કરી હતી અને ત્યારબાદ મહાનુભાવોનું સન્માન અને વક્તવ્ય યોજાયું હતું. ત્યારબાદ સૌએ સાથે મળીને ગરબે રમીને મા ખોડલની આરાધના કરી હતી. આ કાર્યક્રમમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. શ્રી નરેશભાઈ પટેલે સમાજની એકતાના લાભાલાભના ઉદાહરણ આપ્યા હતા. તથા વતનથી દૂર વસેલા સમાજના પરિવારને લેઉવા પટેલ સમાજ વિશે સરસ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તદ્ ઉપરાંત શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડ દ્વારા ભવિષ્યમાં થનારા આયોજન વિશે સરસ માહિતી પૂરી પાડી હતી. આપણો લેઉવા પટેલ સમાજ બીજા સમાજને પણ મદદરૂપ થાય અને તમામ સમાજ એકબીજાના સહયોગથી આગળ વધે તેવી મા ખોડલને પ્રાર્થના કરી હતી જેથી કોઈપણ સમાજના સભ્યોને ભવિષ્યમાં કોઈ પણ જગ્યાએ તકલીફ ના પડે તેવી અપેક્ષા રાખી હતી. આ કાર્યક્રમમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટી અને કચ્છ વાગડ લેઉવા પટેલ સમાજના અગ્રણી ભચુભાઈ અરેઠીયા, શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટી બકુલભાઈ સોરઠીયા, શૈલેષભાઈ અકબરી હાજર રહ્યા હતા. કચ્છ વાગડ લેઉવા પટેલ સમાજ બેંગ્લોરના પ્રમુખ અંબાલાલ પટેલ, ભરતભાઈ બોદર સહિતના મહેમાનો હાજર રહ્યા હતા.

# કેશોદ : જિલ્લાની કુમાર- કન્યા છાત્રાલયોને મળતી ગ્રાન્ટમાં વધારો કરવા માંગ - શિક્ષણવિદ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૪

સમગ્ર જૂનાગઢ જિલ્લામાં ૯૫ જેવીના આવનારા સંખ્યાની આસપાસ અનુ. જાતિ જોગવાઈ લાવી અને વિકસિત જાતિ માટે કુમાર આવે તેવી માંગ કન્યા સરકારી નિવાસી શાળા છે તે માટે છાત્રાલયો તેમજ ગ્રાંટ ઈન એઈડ આશ્રમશાળા છાત્રાલયો આવેલી છે. જેમાં સરકારી દ્વારા મુખ્યમંત્રી, આશ્રમશાળાઓનું સંચાલન સરકારના અધિકારિતા અધિકારીઓ જયારે ગ્રાંટેબલ - વિકસિત જાતિ છાત્રાલયોનું ટ્રસ્ટ સંચાલન કરતું હોય માંગ કરવામાં છે. હાલના સંજોગોમાં ગ્રાંટ ઈન કેશોદના એઈડ કુમાર - કન્યા છાત્રાલયોને આગેવાન

આવતી ગ્રાંટ ઓછી પડતી હોય ગુજરાત સરકારના વર્ષ ૨૪-૨૫ નવા બજેટમાં નવી વધુ ગ્રાંટ ફાળવવામાં કરવામાં આવી રહી. જિલ્લામાંથી વિવેકાનંદ છાત્રાલય સંઘ જુનાગઢ સામાજીક ન્યાય અને વિભાગ તેમજ અનુ. જાતિ નિયામકને પત્ર લખી આવી છે. એવી જ રીતે શિક્ષણવિદ અને રાજકિય બિજલભાઈ સોંદરવાએ

કરવામાં આવી, સવલતોમાં પણ વિદ્યાર્થીની સંખ્યા દિઠ ભોજનની ગ્રાંટમાં વધારો કરવો તેમજ જુદા જુદા હેતુસર જરૂરિયાત ઉભી થતાં નવી ગ્રાંટ ફાળવવા માંગ કરવામાં આવી છે. આ અંગે મળતી વિગત મુજબ ગ્રાંટ ઈન એઈડ છાત્રાલયો કરતાં સરકારી આશ્રમશાળામાં ગ્રાંટનો દર ઉંચો હોય છે તે પ્રમાણે હાલ વિદ્યાર્થી દીઠ ટેન્ડર પદ્ધતિથી આપવામાં આવતાં ભોજનનો દર ૨૩૬૦ થી ૨૪૬૦ હોય જે ગ્રાંટેબલ છાત્રાલયો માટે વધારી ૨૪૦૦ થી ૨૫૦૦ કરવામાં આવે, કાલના સંજોગોમાં છાત્રાલયોમાં ઓનલાઈન કામગીરી વધારો કરો વધી હોય બીજ બિલ, કોમ્પ્યુટર અને તેને લગતી સાધન સામગ્રી ગાંડ ફાળવવી, વિદ્યાર્થી દીઠ ગાદલાં, ગોદળા, પલંગ ની ગ્રાંટની જોગવાઈ કરવી, સરકારના અનુદાનથી બનેલ છાત્રાલયો ફરતે સંરક્ષણ કમ્પાઉન્ડ વોલ બનાવવા, વિદ્યાર્થી દીઠ મકાન ભાડાનો ગ્રાંટમાં સમાવેશ કરવો, જુના બાંધકામનું મરમત તેમજ જર્જરિત બાંધકામ દુર કરવા નવા બાંધકામની દરખાસ્ત માટે કાર્યપાલક ઈજનેરનું પ્રમાણપત્ર આપવા જેવી ગ્રાંટ અને સુવિધામાં વધારો કરવા જણાવેલ છે.

# શ્રી અંધ કન્યા છાત્રાલયની મુલાકાત લેતા મોરબીના પૂજ્યશ્રી જમનાદાસ બાપુ મીની જલારામ બાપા





જૂનાગઢ તા.૪

તાજેતરમાં પ્રજ્ઞા ચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ જવાહર રોડ સ્થિત અંધ કન્યા છાત્રાલયમાં મોરબીના પૂજ્ય સંત શ્રી જમનાદાસ બાપુ ની જલારામ બાપા તરીકે તરીકેની છાપ હર કોઈ જાણે છે

અને સંસ્થાની તમામ અંધ દિકરીઓને રોકડ પુરસ્કાર થી પ્રોત્સાહિત કરી આશીર્વાદ પાઠવ્યા હતા એટલું જ નહીં હર હંમેશ જ્યારે સંસ્થાને કઠોળ કે કરિયાણાની જરૂરિયાત પડે ત્યારે મદદરૂપ થવાની ખાતરી પણ આપી હતી

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખશ્રી મનસુખભાઈ વાજા મેનેજિંગ ટ્રસ્ટ શ્રી મુકેશગીરી એસ મેઘનાથી શ્રી બટુક બાપુ શ્રીશાંતાબેન બેસ શ્રી સંતોષબેન મુદ્રા શ્રી અલ્પેશભાઈ પરમાર શ્રી ચંપકભાઈ જેઠવા શ્રી ગીતાબેન મહેતા શ્રી પ્રવીણભાઈ જોશી મનોજભાઈ સાવલિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

# બિલખા તાબાના ઉમરાળા ગામે દિપડો ઘુસી જતા અફડાતફડી રેન્જ ફોરેસ્ટરને જાણ કરતા ઉડાવ જવાબો આપ્યા !

## અંતે આરએફઓએ તાત્કાલીક પાંજરૂ મુકાવ્યું

(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા.૪

બિલખા તાબાના ઉમરાળા ગામે ગામની અંદર દિપડો ઘુસી જતા અફડા તફડીનું વાતાવરણ સર્જાયું હતું. આ અંગેની જાણ ઉમરાળા સીટના તાલુકા પંચાયતના સભ્ય કિશોરભાઈ વાળાને થતા તાત્કાલીક સ્થળ ઉપર પહોંચ્યા હતા. અને ઉત્તર રેન્જના ફોરેસ્ટર દોકલને જાણ કરી હતી પરંતુ રેન્જ ફોરેસ્ટર દોકલે તાત્કાલીક પાંજરૂ ન મુકવામાં આવે એવો ઉડાવ જવાબ આપતા લોકોમાં રોષની લાગણી ફેલાઈ હતી.

બાદમાં કિશોરભાઈએ આરએફઓ મૈયાત્રાનો સંપર્ક સાધના તાત્કાલીક પાંજરૂ મુકવાની વ્યવસ્થા કરેલ.

સવાલ એ છે કે ઉચ્ચ અધિકારીઓ લોકોની વેદના સમજી શકતા હોય તો તેમની નીચેના કર્મચારીઓ લોકો સાથે ઉધ્ધતવર્તન શા માટે કરતા હશે ?

આ અગાઉ પણ ઘણી વખત રેન્જ ફોરેસ્ટર દોકલ દ્વારા લોકો સાથે ઉધ્ધત વર્તન કરવાના બનાવો જાણમાં આવ્યા છે. આવા બેદકાર કર્મચારી ઉપર તંત્ર પગલા કેમ નહી લેતું હોય ? એ સવાલ જનતાને સતાવી રહયો છે.

આથીયે વિશેષ જયારે જંગલી જાનવર દુધાળા ઢોરનું મારણ કરે ત્યારે રૂપિયા પચાસ હજારની સહાય આપવાનો જીઆર હોવા છતાં આ રેન્જ ફોરેસ્ટરની હદમાં પશુપાલકોને માત્ર ૫ થી ૭ હજાર રૂપીયા જ ચુકવવામાં આવેલ છે. કારણ કે સર્વે નો અધિકાર રેન્જ ફોરેસ્ટનો જ છે. જેને લઈને પણ આ વિસ્તારમાં પશુપાલકોમાં રોષની લાગણી જોવા મળે છે.

લોકો સાથે ઉધ્ધતવર્તન કરતા આવા કર્મચારી સામે પગલા લેવામાં આવે તેવી જનતાની લાગણી છે.

# જૂનાગઢ રેલ્વે દ્વારા યોજાયેલ સંગીતમય કાર્યક્રમમાં શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા




જૂનાગઢ તા.૪ : ભાવનગર ડિવિઝન આયોજીત "સ્ટેશન મહોત્સવ ૨૦૨૩" અંતર્ગત જુનાગઢ રેલ્વે દ્વારા યોજાયેલ સંગીતમય કાર્યક્રમમાં આર. કે. મ્યુઝિકલ એકેડેમી નાં સંચાલક સંગીત વિશારદ અને વર્લ્ડ રેકોર્ડ એચિવર ગાયક અન્ના (રજનીકાંત ભટ્ટ) તથા સાથી ગાયિકાઓ જાહલ દવે અને અનીશા એ જૂનાં ફિલ્મી ગીતો દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા, રેલ્વે ડિપાર્ટમેન્ટનાં અધિકારીઓ અને શ્રોતાઓએ કલાકારોને બિરદાવ્યા હતા,


## ખંભાળિયામાં આવતીકાલે આયુર્વેદ કેમ્પ યોજાશે

જામ ખંભાળિયા, તા. ૪

ખંભાળિયામાં આવતીકાલ તા. ૫ ના રોજ મ્યુનિસિપલ ગાર્ડનમાં આવેલા યોગ હોલ ખાતે આયુર્વેદ વિભાગ દ્વારા આયુષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. હાલના સમયમાં દાઢના દુખાવા, હાલતા દાંત વિગેરે જેવી સમસ્યાનો વધારો જણાઈ રહ્યો છે. ત્યારે આયુર્વેદ અને યોગના સમન્વયથી દાંતના દર્દીઓને કોઈપણ પ્રકારના એનેસ્થેશીયા કે ઈન્જેકશન અને દવા દીધા વગર હલતા દાંત અને દાઢના દુખાવાને આ આયુષ મેળામાં દૂર કરવાની સારવાર આપવામાં આવશે. આ માટે જાલંધર યોગ પદ્ધતિ દ્વારા દંત વૈદ જયસુખભાઈ મકવાણાની દેખરેખ હેઠળ આ તમામ સારવાર વિનામૂલ્યે કરી આપવામાં આવશે. આ બાબતે વધુ માહિતી માટે આયુર્વેદ શાખાના ચિરાગભાઈ ભટ્ટના મોબાઈલ નંબર ૭૦૪૧૧ ૧૦૩૪૮ ઉપર સંપર્ક સાધવો.

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
નવરાત્રી માટે ખાસ..
નવરાત્રી માટે ખાસ..
ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

:: જોઈએ છે ::
કન્સ્ટ્રકશન કંપની માટે સુપરવાઈઝર, એન્જીનીયર, પ્રોડકટ મેનેજર અને કોમ્પ્યુટર તથા ટેલીનું જ્ઞાન ધરાવતા અનુભવી અને ઉત્સાહી વ્યકિતની જરૂર છે.
મો. ૯૯૦૪૦ ૯૩૪૪૭

પંચહાટડી ચોક, માંગનાથ રોડ
૧૪૦૦ સ્કેવર ફુટ જગ્યા વેંચવાની છે
જૂનાગઢમાં પંચહાટડી ચોક, માંગનાથ રોડ વિસ્તારમાં જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને માટે શો રૂમ લાયક જગ્યા ૧૪૦૦ સ્કેવર ફુટ વેંચવાની છે
: કોન્ટેક :
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

જલજીલ આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

CMYK

## જૂનાગઢમાં ભારતની સ્પેસ પ્રગતિની ઝાંખી

# બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ ખાતે ત્રિ-દિવસીય સ્પેસ પ્રદર્શનનો પ્રારંભ



## ઈસરોના અમદાવાદ ખાતેના વિક્રમ સારાભાઈ સ્પેસ એપ્લિકેશન સેન્ટરના ડાયરેક્ટર નિલેશ દેસાઈએ સ્પેસ પ્રદર્શનને ખુલ્લું મૂક્યું

જૂનાગઢ, તા.૪

જૂનાગઢમાં બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ ખાતે ભારતે સ્પેસ એટલે કે અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે ભરેલી હરણફાળને દર્શાવતી સ્પેસ પ્રદર્શનને ઈસરોના અમદાવાદ ખાતેના વિક્રમ સારાભાઈ સ્પેસ એપ્લિકેશન સેન્ટરના ડાયરેક્ટર નિલેશ દેસાઈએ સ્પેસ પ્રદર્શનને ખુલ્લું મૂક્યું હતું. પ્રથમ દિવસે વિદ્યાર્થીઓએ રસપૂર્વક ઈસરોએ અવકાશમાં છોડેલા ઉપગ્રહ, રોકેટ વગેરેના મોડેલ્સ નિહાળ્યા હતા. વિજ્ઞાનના સિદ્ધાંતો રહસ્યો જાણી વિદ્યાર્થીઓને ભવિષ્યમાં વૈજ્ઞાનિક બનવાની પ્રેરણા પણ પ્રાપ્ત થઈ હતી. આ પ્રસંગે એસએસીના ડાયરેક્ટર નિલેશ દેસાઈ ભારતે અવકાશ ક્ષેત્રે હાંસલ કરેલી સિદ્ધિઓ વર્ણવતું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજના આચાર્ય આર. પી. ભટ્ટે સ્પેસ પ્રદર્શનની રૂપરેખા આપી પધારેલા મહેમાનો અને વૈજ્ઞાનિકોનો પરિચય આપ્યો હતો. આ તકે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર વી.પી. ચોવટીયા , જૂનાગઢ જિલ્લાના પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા, બહાઉદ્દીન વિનયન કોલેજના આચાર્ય પી.વી. બારસિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ચંદ્રયાન ૩ની સફળતા બાદ આદિત્ય એલ વન સુધીની અને ભવિષ્યની ઈસરોની સિધ્ધિ યાત્રા આ એક્ઝિબિશનમાં આવરી લેવાયેલ છે. ઈસરો દ્વારા અવકાશમાં છોડેલા ઉપગ્રહો, તે માટે બનાવેલા રોકેટો તેના ઈન્ટરેક્ટિવ મોડલ્સ આ પ્રદર્શનમાં રાખવામાં આવ્યા છે. જે નિહાળી વિદ્યાર્થીઓમાં અવકાશ વિજ્ઞાન વિશે જિજ્ઞાસા પેદા કરી હતી. ખાસ કરીને આ પ્રદર્શન તા.૫ નવેમ્બરનાં જાહેર જનતા માટે ખુલ્લું રહેશે. આ સ્પેસ પ્રદર્શનમાં બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓ વોલેન્ટિયર તરીકે સેવા આપી, સમગ્ર પ્રદર્શનમાં રાખવામાં આવેલ પેનલ અને મોડેલ્સની મુલાકાતે આવનાર વિદ્યાર્થીઓને સમજ આપી રહ્યા છે. ઈસરોના અમદાવાદ ખાતેના વિક્રમ સારાભાઈ સ્પેસ એપ્લિકેશન સેન્ટર દ્વારા આયોજિત સ્પેસ પ્રદર્શનની બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ યજમાન બની છે. આ તકે સિનિયર સાયન્ટિસ્ટ સર્વ એન.જે. ભટ્ટ અને પરેશ સરવૈયા ચિરાગ દિવાન ઉપસ્થિત રહી, સ્પેસ પ્રદર્શન સંબંધી જરૂરી સંકલન કરી રહ્યા છે.

## શ્રી અંધ કન્યા છાત્રાલયની મુલાકાત લેતા મોરબીના પૂજયશ્રી જમનાદાસબાપુ



જૂનાગઢ, તા.૪

તાજેતરમાં પ્રજ્ઞા ચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ જવાહર રોડ સ્થિત અંધ કન્યા છાત્રાલયમાં મોરબીના પૂજ્ય સંત શ્રી જમનાદાસબાપુની જલારામબાપા તરીકેની છાપ હર કોઈ જાણે છે અને સંસ્થાની તમામ અંધ દિકરીઓને રોકડ પુરસ્કારથી પ્રોત્સાહિત કરી આશીર્વાદ પાઠવ્યા હતા એટલું જ નહીં હર હંમેશ જ્યારે સંસ્થાને કઠોળ કે કરિયાણાની જરૂરિયાત પડે ત્યારે મદદરૂપ થવાની ખાતરી પણ આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, મેનેજિંગ ટ્રસ્ટ મુકેશગીરી એસ મેઘનાથી, બટુકબાપુ, શાંતાબેન બેસ, સંતોષબેન મુદ્રા, અલ્પેશભાઈ પરમાર, ચંપકભાઈ જેઠવા, ગીતાબેન મહેતા, પ્રવીણભાઈ જોશી, મનોજભાઈ સાવલિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ઉનામાં રાહતદરે ડુંગળી, ચણાદાળનું વિતરણ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૪

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્રીય સરકાર દ્વારા નાફેડના સૌજન્યથી તહેવારોમાં લોકોને રાહતભાવે ડુંગળી તથા ચણાદાળનું વિતરણ કરવામાં આવ્યું હતું ત્યારે ઉના શહેરમાં ટાવર ચોકમાં ઈન્ડીએગ્રોના સેન્ટરનું ઉદઘાટન ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદહસ્તે કરવામાં આવ્યું હતું જેમાં લોકોને ડુંગળી રૂા.૨૫ની એક કિલો તથા ચણાદાળ રૂા.૬૦ની એક કિલોના ભાવે વ્યક્તિ દીઠ બે કિલોનું વેચાણ કરાયું હતું. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણિયા, શહેર મહામંત્રી કાંતિભાઈ છગ તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રવાસન કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે દેવળિયા સફારી પાર્ક અને સનસેટ પોઈન્ટ ભાલછેલ હિલની વિકાસ કામગીરીનું આજે લોકાર્પણ

### ભાલછેલ હિલ ખાતે આજ તા.૪ નવેમ્બરે લોકાર્પણ સમારોહ યોજાશે

જૂનાગઢ, તા.૪

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા જૂનાગઢ જિલ્લાના સાસણ ગીર ખાતે આવેલ દેવળીયા સફારી પાર્ક અને સનસેટ પોઈન્ટ ભાલછેલ હિલ ખાતે પ્રવાસીઓ માટે ઉભી કરાયેલ વિકાસના કામોનું રાજ્યના પ્રવાસન કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાની હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. આ સમારોહ આજ તા.૪ નવેમ્બરના રોજ બપોરે ૩ કલાકે ભાલછેલ હિલ-સાસણગીર જૂનાગઢ ખાતે યોજાશે. આ પ્રસંગે સાંસદ સભ્ય, ધારાસભ્યો જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

## જૂનાગઢ મહાનગર ખાંટ રાજપુત સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાશે

જૂનાગઢ, તા.૪

જૂનાગઢ મહાનગર ખાંટ રાજપુત સમાજ દ્વારા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ તેમજ સાંસ્કૃતિક કર્યક્રમ અને સમુહ ભોજન તેમજ દાંડીયા રાસનું એક સુંદર આયોજન આવતીકાલ તા.૫/૧૧/૨૦૨૩ને રવિવારના રોજ ૨ કલાકે કૈલાશ પાર્ટી પ્લોટ, ખલીલપુર રોડ જોષીપરા જૂનાગઢ ખાતે કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને આશીર્વાદ આપવા અને ભોજન સમારંભમાં ઉપસ્થિત રહેવા ખાંટ રાજપુત સમાજ જૂનાગઢ મહાનગરના પ્રમુખ પ્રવિણભાઈ મકવાણાની યાદીમાં જણાવેલ છે.

## જૂનાગઢ મહાનગર સેવાસદનની ઝોનલ ઓફિસમાં રેકર્ડ વર્ગીકરણ કામગીરી હાથ ધરાઈ

### જૂનાગઢ શહેરના ૧ થી ૧૫ માં થતી સઘન સફાઈ ઝુંબેશ

જૂનાગઢ, તા.૪

સ્વચ્છતા હી સેવા અભિયાન અનન્વયે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા વિવિધ વોર્ડમાં સઘન સફાઈ ઝુંબેશ યોજાઈ રહી છે. સાથે જ વિવિધ ઓફિસોમાં રેકર્ડ વર્ગીકરણની કામગીરી પણ કરવામાં આવી રહી છે. જૂનાગઢના મહાનગરપાલિકા વોર્ડ નંબર ૯ ના દાતાર રોડ, કામદાર સોસાયટી, વાળંદ સોસાયટી, તેમજ કોર્પોરેશનની ઝોનલ ઓફિસમાં રેકર્ડ વર્ગીકરણની કામગીરી યોજાઈ હતી. તેમજ વોર્ડ નંબર ૧ થી ૧૫ માં આવતી સોસાયટીઓ અને મેઈન રોડ, બહાઉદ્દીન કોલેજ તેમજ અલગ અલગ વિસ્તારમાં સઘન સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. આ સફાઈ ઝુંબેશ હેઠળ કચરો તેમજ સીએનડી વેસ્ટ તથા ઝારી ઝાંખડા સહિત આશરે ૨૪ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ હાજાભાઈ ચુડાસમા, પર્યાવરણ ઈજનેર રાજુભાઈ ત્રિવેદી અને વિનાયકભાઈ વોર્ડ પ્રભારીની દેખરેખમાં આ સફાઈ અભિયાન હાથ ધરાયું હતું.

## આસ્ક ઓટોમોટિવ લિમિટેડનો આઈપીઓ ૭ નવેમ્બર, ૨૦૨૩ના રોજ ખુલશે

### રૂા.૨ની ફેસ વેલ્યુના પ્રતિ ઈક્વિટી શેર (“ઈક્વિટી શેર”)ની પ્રાઈસ બેન્ડ રૂા. ૨૬૮થી રૂા. ૨૮૨ ઉપર નક્કી કરવામાં આવી




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૪

આસ્ક ઓટોમોટિવ લિમિટેડ (“ASK” અથવા “કંપની”), મંગળવાર, ૭ નવેમ્બર ૨૦૨૩ના રોજ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓના સંબંધમાં તેની બિડ/ઓફર ખોલશે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગની તારીખ સોમવાર, નવેમ્બર ૬, ૨૦૨૩ હશે. બિડ/ઓફર મંગળવાર, ૭ નવેમ્બર, ૨૦૨૩ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને ગુરૂવાર, ૯ નવેમ્બર, ૨૦૨૩ના રોજ બંધ થશે.

ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂા. ૨૬૮થી રૂા. ૨૮૨ પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૫૩ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૫૩ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે. રૂા. ૨ની ફેસ વેલ્યુના ૨,૯૫,૭૧,૩૯૦ ઈક્વિટી શેરની કુલ ઓફર સાઈઝમાં કુલદિપ સિંહ રાઠીના ૨,૦૬,૯૯,૯૭૩ સુધીના ઈક્વિટી શેર્સ અને વિજય રાઠી (“પ્રમોટર વેચનાર શેરધારકો”) દ્વારા ૮૮,૭૧,૪૧૭ સુધીના ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. (“ઓફર ફોર સેલ” અથવા “ઓફર”).

આ ઈક્વિટી શેર નવી દિલ્હી (“આરએચપી”) ખાતે રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, દિલ્હી અને હરિયાણામાં ફાઈલ કરાયેલ તારીખ ૩૦ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ કંપનીના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવે છે અને બીએસઈ લિમિટેડ (“BSE”) અને અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (“NSE”) ઉપર લિસ્ટિંગ કરવાની યોજના છે.

આ ઓફર સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રૂલ્સ, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી)ની શરતોમાં કરવામાં આવી રહી છે, જે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિકવાયર્મેન્ટ)ના નિયમન ૩૧ સાથે વાંચવામાં આવેલા સુધારા (એસસીઆરઆર) મુજબ છે જે (સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ) મુજબ સુધારેલ છે. આ ઓફર સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૬(૧) અનુસાર અને બુક બિલ્ડીંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી રહી છે જેમાં નેટ ઓફરના મહત્તમ ૫૦% ક્વોલિફાઈડ સંસ્થાકીય ખરીદદારો (“ક્યુઆઈબી” અને “ક્યુઆઈબી પોર્શન”)ને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે.

# પ્રસિદ્ધ અભિનેત્રી કંગના રાણાવતે શ્રી સોમનાથ મહાદેવના દર્શન કર્યા

### કંગના રાણાવત શ્રી સોમનાથ ટ્રસ્ટના શ્રીરામ મંદિર ખાતે રામનામ મંત્ર લેખન યજ્ઞમાં જોડાયા





સોમનાથ, તા.૪

રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા પ્રસિદ્ધ અભિનેત્રી કંગના રાણાવત સોમનાથ મહાદેવના દર્શને પધારેલ. તેઓએ પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના દર્શન કરી પૂજા સામગ્રી અર્પણ કરી હતી તેમજ મહાદેવનો જલાભિષેક કર્યો હતો. સોમનાથ ટ્રસ્ટ તરફથી મુખ્ય પૂજારી શ્રી દ્વારા ચંદન તિલક કરીને ખેસ ઓઢાડી તેઓને આશીર્વાદ આપવામાં આવ્યા હતા. તેમજ સોમનાથ મહાદેવનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

દેશના પ્રધાનમંત્રી અને શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્રભાઈ મોદી દ્વારા સૌપ્રથમ રામ નામ લખીને પ્રારંભ કરાયેલ રામ નામ લેખન યજ્ઞમાં પણ કંગના રણાવત જોડાયા હતા. શ્રી રામ મંદિર ખાતે રામચંદ્ર પ્રભુના દર્શન કરીને તેઓએ રામ નામ મંત્ર લેખન કર્યું હતું. અયોધ્યા શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભક્તો દ્વારા લખાયેલ રામનામ મોકલવામાં આવશે તે જાણીને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. સોમનાથ ટ્રસ્ટ અને અધ્યક્ષ નરેન્દ્ર મોદીની કાર્ય પ્રણાલીની પ્રશંસા કરતા તેઓએ મંદિરની સ્વચ્છતા અને અનુશાસનને ધન્યવાદ આપ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# સંયુકત રાષ્ટ્ર મહાસભામાં ભારતનું યોગ્ય પગલું

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલતા લોહિયાળ સંઘર્ષને અટકાવવા માટે સંયુકત રાષ્ટ્ર મહાસભામાં લાવવામાં આવેલ પ્રસ્તાવથી ભારતે અંતર બનાવીને બિલકુલ યોગ્ય જ કર્યું. ભલે જોર્ડન દ્વારા લાવવામાં આવેલ આ પ્રસ્તાવમાં માનવીય આધાર પર ગાઝામાં સંઘર્ષ વિરામની અપીલ કરવામાં આવી હોય, પરંતુ તેમાં ના તો ઈઝરાયલ પર હમાસના બર્બર હુમલાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો અને ના તેના આતંકવાદીઓ દ્વારા ઈઝરાયલના બસોથી વધુ લોકોને બંધક બનાવવાનો પણ ઉલ્લેખ કર્યો! આ તો બિલકુલ એકપક્ષીય પ્રસ્તાવ જ છે, જેમાં દોષનો ટોપલો માત્ર ઈઝરાયલ પર ઢોળવાનો ઈરાદો છે. આખરે આવા કોઈ પ્રસ્તાવને માનવીય આધારવાળો કેવી રીતે કહી શકાય, જેમાં ૧૪૦૦થી વધુ નિઃશસ્ત્ર લોકોની બર્બર રીતે હત્યા કરનારાઓની નિંદા કરવાથી બચવામાં આવ્યું હોય અને એ તથ્યને ઓઝલ કરી દેવાયું હોય કે ઈઝરાયલની સાથે કેટલાક બીજા દેશોના બસોથી વધુ લોકો લોકોને હમાસના આતંકીઓએ બંધક બનાવી રાખ્યા છે? આ બંધકોમાં મહિલાઓ અને બાળકો પણ છે. હમાસના આતંકી આ બંધક બનાવેલા લોકોની આડ લઈને ઈઝરાયલમાં હજુ પણ રોકેટો દાગી રહ્યા છે.

જોકે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં લાવવામાં આવેલ આ પ્રસ્તાવમાં હમાસના હુમલાનો ઉલ્લેખ કરવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો, પરંતુ તેનો સ્વીકાર ન કરવામાં આવ્યો! આ સ્થિતિમાં ભારત સમક્ષ એ જ એક વિકલ્પ બાકી રહ્યો હતો કે તે આ એકપક્ષીય પ્રસ્તાવથી દૂર જ રહે. ભારત સાથે ૪૪ દેશોએ ઉપરોક્ત પ્રસ્તાવ પર થયેલ મતદાનમાં ભાગ ન લીધો અને ૧૪ દેશોએ તેના વિરોધમાં મતદાન કર્યું. જોકે ૧૨૧ દેશોએ આ પ્રસ્તાવના પક્ષમાં મતદાન કર્યું, તેથી તે પસાર તો થઈ ગયો, પરંતુ તેનાથી કશું જ હાંસલ થવાનું નથી. આ એક નિરર્થક અને નિષ્પ્રભાવી પ્રસ્તાવ છે. આ પ્રસ્તાવ એ જ દર્શાવે છે કે કઈ રીતે કેટલીય વાર બહુમત ખોટો સાબિત થાય છે કે પછી નીર-ક્ષીર વિવેકનો ઉપયોગ નથી કરતો. આખરે જે માનવીય આધાર પર સંઘર્ષ વિરામ રોકવાનો આગ્રહ કરવામાં આવ્યો, એ જ માનવીય આધાર પર હમાસને બંધકોને છોડી મૂકવાની અપીલ કેમ ન કરી શકાઈ? શું બંધક બનાવેલા લોકોનો કોઈ માનવાધિકાર નથી? એ દુર્ભાગ્યની વાત છે કે જ્યારે બધાની સહમતિથી એક સંતુલિત પ્રસ્તાવ લાવીને તેને સાર્થક બનાવી શકાતો હતો, ત્યારે એક એવો પ્રસ્તાવ લાવવામાં આવ્યો, જે સમસ્યાના સમાધાનમાં સહાયક સાબિત નહોતો થવાનો. એ સમજવું મુશ્કેલ છે કે કોંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધીને આ પ્રસ્તાવથી ભારત દૂર રહેવા પર આશ્ચર્ય કેમ થઈ રહ્યાં છે? શું તેઓ અજાણ છે કે ભારત કઈ રીતે હમાસ જેવા આતંકી સમૂહોના હુમલાનો શિકાર બનતું રહ્યું છે? નિઃસંદેહ તેઓ એનાથી અજાણ નહીં હોય કે ૭ ઓકટોબરે હમાસે ઈઝરાયલ પર જે ભીષણ હુમલો કર્યો, તે મુંબઈમાં થયેલ આતંકી હુમલાની યાદ દેવડાવે છે. હમાસના હુમલાનો ઉલ્લેખ નહિ કરતા પ્રસ્તાવના પક્ષમાં ઊભા રહેવાનો મતલબ થાય જાણીજોઈને આતંકવાદ સામે આંખ આડા કાન કરવા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જે પોતાના સ્વાર્થ માટે કામ કરે છે તેને જગતમાં કે સમાજમાં ક્યાંય આદર મળતો નથી.

- અજ્ઞાત

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો વદ-૭, તા.૪ નવેમ્બર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૧૯, પુનર્વસુ નક્ષત્ર, સાધ્ય યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૫૯, સૂ.અ.૬:૧૧

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આર્થિક સમસ્યા હળવી બને. નવિન યોજનાઓ પાર પાડી શકશો.
વૃષભ:માનસિક અશાંતિ રહે. ખોટા ખર્ચનું ભોગ બનવું પડે.
મિથુન:રચનાત્મક કાર્યમાં સફળતા મળે. ધીરજના ફળ મીઠા મળે.
કર્ક: પુરૂર્ષાથનું ફળ મેળવી શકશો. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.
સિંહ: મહત્વના કાર્યમાં સફળતા મળે. આર્થિક લાભ માટે સાનુકૂળ તક.
કન્યા: યાત્રા પ્રવાસના યોગ છે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.
તુલા: માનસિક તનાવ દૂર થાય. કૌટુંબિક સમસ્યા હળવી બને.
વૃશ્ચિક:વિલંબ બાદ કાર્ય સફળતા મળે. ગૃહસ્થી જીવનમાં આનંદ રહે.
ધન: વાહનથી સંભાળવું હિતાવહ. લાભની તક ઠગારી નીવડે.
મકર: ગૃહવિવાદ. આવક કરતા જાવકનું પાસું વિશેષ રહે.
કુંભ: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. આર્થિક લાભ મેળવવા વધુ પરિશ્રમ કરવો પડે.
મીન: આવકવૃધ્ધિના સંજોગો ઉજળા છે. પ્રતિસ્પર્ધિઓથી સાવધ રહેવું હિતાવહ.

# ગુજરાતી ગર્લ હિમાંશી રાઠી આંખથી દિવ્યાંગ પણ એશિયન પેરા ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીતી



અમદાવાદ,તા.૦૪

ગુજરાતની એક એવી દીકરીની સિદ્ધિ ગૌરવ અપાવે તેવી છે જે આંખથી બિલકુલ જોઈ નથી શકતી. પરંતુ તેમ છતાં પણ તેને એશિયન પેરા ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીતીને પોતાનું, પરિવારનું અને ગુજરાત રાજયનું નામ રોશન કર્યું છે. પેરા એશિયન ગેમ્સમાં ચેસમાં બ્રોન્ઝ મેડલ જીતનારી ગુજરાતી ગર્લ હિમાંશી રાઠીનેઁ છજી ઓફિસર બનવાનું સપનું પણ ધરાવે છે. દીકરી અઢી વર્ષની હતી ત્યારે માતા–પિતાને દૃષ્ટિ ખામી અંગે જાણ થઈ છતાં ધોરણ ૪ સુધી સામાન્ય બાળકોની શાળામાં જ ભણાવી અને ત્યારબાદ અંધજન શાળામાં આગળનું ભણતર પૂર્ણ કરવા સાથે હિમંશીએ ગુજરાત યુનિવર્સીટીમાંથી બી. એ લિટ્રેચરમાં ગોલ્ડ મેડલ સાથે સ્નાતકની ડિગ્રી મેળવી છે. અડગ મનના માનવીને પહાડ પણ નડતો નથી. આ ઉક્તિને ફરી એક વખત ગુજરાતની દિવ્યાંગ દીકરી એવી હિમાંશી રાઠીએ સાર્થક કરી બતાવી છે. દૃષ્ટિ નહીં હોવા છતાં હિમાંશીએ તાજેતરમાં ચીન ખાતે યોજાયેલા પેરા એશિયન ગેમ્સમાં ચેસ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવી પોતાની સાથે પરિવાર, ગુજરાત અને ભારતનું નામ રોશન કર્યું છે. જે હિમાંશીને આગળ ઁજીઝ પરીક્ષા ક્રેક કરીને આઈએએસ ઓફિસર બનવું છે. અને તે તેના આ લક્ષ્ય તરફ મજબૂત મનોબળ સાથે તે આગળ વધી રહી છે. હિમાંશી રાઠીનો જન્મ ૩૦ ઓક્ટોમ્બર ૧૯૯૯ ના રોજ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે થયો છે. તેના પિતા ભાવેશ રાઠીનો બિઝનેસ છે અને માતા દિપાલી રાઠીના ગૃહિણી છે. હિમાંશીનો જન્મ થયો ત્યારે માતા પિતા ને જરાય ખ્યાલ ન હતો કે તેમની દીકરી દૃષ્ટિ ખામીથી ગ્રસ્ત છે. તે જ્યારે અઢી વર્ષની થઈ ત્યારે કેટલીક બાબતોથી માતા પિતાને આ બાબતનો ખ્યાલ આવ્યો. ત્યાર બાદ અનેક જગ્યાએ સારવાર માટે ધક્કા ખાધા પણ અંતે નક્કી થઈ ગયું કે હિમાંશી ની દૃષ્ટિ ધીરે ધીરે જતી રહેશે અને તે સંપૂર્ણ બ્લાઈન્ડ થઈ જશે. આમ છતાં માતા પિતાએ નિરાશ કે હતાશ થયા વગર દીકરીને જીવનમાં કંઈક બનવાના ધ્યેય સાથે હિંમત ભેગી કરી. પહેલા તો માતા પિતાએ હિમાંશીને સામાન્ય બાળકો સાથે જ સ્કૂલમાં ભણવા મૂકી અને ધોરણ ૪ સુધી તેણીએ સામાન્ય બાળકોની જેમ જ અભ્યાસ પૂર્ણ કર્યો. પણ આગળ આ શક્ય ન હતું અને હિમાંશી ને આગળના ભણતર માટે અમદાવાદની અંધ કન્યા શાળામાં જવું પડ્યું. અહીં તેની માટે સૌથી મોટી ચેલેન્જ એ હતી કે તેણીએ ધોરણ ૪ સુધી સામાન્ય બાળકોની જેમ ભણતર કર્યું હતું જેથી અચાનક પાંચમા ધોરણમાં બ્રેલ લિપિ શીખવી પડે તેમ હતું. જોકે હિમાંશીની ધગસ અને માતા પિતાની મેહનત રંગ લાવી અને માત્ર દોઢ મહિનામાં જ હિમાંશી બ્રેલ લિપિ શીખી ગઈ. ત્યારબાદ તે ભણતરમાં હંમેશા અવ્વલ જ રહી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષામાં અંધજન કેટેગરીમાં હિમાંશી રેક્રર રહી. ત્યારબાદ તેણીએ ગુજરાત યુનવર્સિટીમાંથી બી.એ લિટ્રેચરમાં ગોલ્ડ મેડલ સાથે સ્નાતકની ડીગ્રી મેળવી અને હવે સ્પીપાની પરીક્ષા પાસ કરીને તે ઁજીઝ ની તૈયારી કરી રહી છે. તે સાથે તેણે એશિયન પેરા ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ મેળવી મોટી સિદ્ધિ હાંસલ કરી છે. સામાન્ય રીતે અંધજન શાળામાં મોટાભાગના બાળકો સંગીત તરફ વધુ આકર્ષાય છે. પણ હિમાંશીને ચેસની રમતમાં રુચિ જાગી અને તેણીએ ચેસની તાલીમ લેવાની શરૂઆત કરી અને એક બાદ એક વિવિધ સ્પર્ધાઓમાં તેણીએ ભાગ લઈ સફળતા મેળવી. હિમાંશી ખેલ મહાકુંભ માં રાજયસ્તરે પાંચ વખત ચેમ્પિયનનો ખિતાબ, ચાર વખત રાષ્ટ્રીય સ્તરે ચેમ્પિયનનો ખિતાબ જીત્યો છે અને હવે પેરા એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ મેળવી એક મુકામ હાસલ કર્યો છે. જે બાદ તેની મુલાકાત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ થઈ. જેઓએ હિમાંશીનો ઉત્સાહ પણ વધાર્યો હતો. હિમાંશી પહેલી વખત પેરા એશિયન ગેમ્સમાં પહોંચી એ પહેલી વખત નથી. આ પહેલા વર્ષ ૨૦૧૮ માં ઈન્ડોનેશિયા ખાતે યોજાયેલા પેરા એશિયન ગેમ્સમાં પણ તેણીએ ભાગ લીધો હતો. જોકે તે વખતે તે મેડલ તો જીતી ન શકી હતી પણ સારા પ્રદર્શન સાથે ચોથા ક્રમે રહી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૨માં હિમાંશી એ ફ્રાન્સ ખાતે યોજાયેલ વર્લ્ડ વિમેન્સ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો અને તે ૧૪માં ક્રમે રહી હતી. ચાર વખત નેશનલ વિમેન્સ ચેમ્પિયન રહેલી હિમાંશી એ વર્ષ ૨૦૨૩માં ચંદીગઢ ખાતે આયોજિત નેશનલ વિમેન્સ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો. આ ઈવેન્ટમાંથી જ ચાઈના ખાતે યોજાનાર પેરા એશિયન ગેમ્સમાં માટેની પસંદગી થવાની હતી. હિમાંશી એ સ્પર્ધામાં ફૈં ૠ૧ કેટેગરીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો અને ફરી એક વખત પેરા એશિયન ગેમ્સમાં રમવાના દરવાજા હિમાંશી માટે ખુલી ગયા. આ વખતે હિમાંશી મેડલ જીતવાના લક્ષ્ય સાથે આગળ વધી અને તે સફળ પણ રહી. પેરા એશિયન ગેમ્સમાં ચેસ સ્પર્ધામાં હિમાંશી એ શાનદાર દેખાવ સાથે બ્રોન્ઝ મેડલ મેળવી દેશ અને ગુજરાતનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે. તેના માટે આ સફર અઘરી હતી પણ તેણે તે સિદ્ધ કઈ બતાવી. પ્રતિભાશાળી હિમાંશી રાઠીને અત્યાર સુધી અનેક પુરસ્કાર મળી ચૂક્યા છે. જેમાં એવોનપ્લાસ્ટ કૌન બનેગા સુપર સ્ટાર, માહેશ્વરી યુવા સંઘ, કિરણ જેમ્સ અને પી. પી.સવાણી ગ્રુપ દ્વારા આયોજિત પાનેતર સમારોહ વગેરે સામેલ છે. તો વર્ષ ૨૦૨૩માં જીનીયસ ફાઉન્ડેશન અને વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા દ્વારા હિમાંશી ને જીનીયસ ઈન્ડિયા એચિવર્સ એવોર્ડ થી નવાજવામાં આવી હતી. આ સિવાય તેની બહેન પણ ઉર્વી પણ તેના જેવી જ બીમારીથી પીડાઈ રહી છે. જોકે તેમ છતાં પણ ઉર્વીએ જીમનેશિયમ ગેમ્સ માં બે ગોલ્ડ મેડલ જીતી પોતાની સાથે પરિવાર અને ગુજરાત નું નામ રોશન કર્યું છે. અને આ સાથે રાઠી પરિવાર અને રાઠી પરિવારની બને દીકરી લોકો માટે એક ઉદાહરણ રૂપ બન્યા છે. જેમના માંથી લોકોએ પણ શીખ લેવાની જરૂર છે. કે હિંમત છે ત્યાં હાર ન હોઈ શકે.

# ગુજરાતમાં કોંગ્રેસે પોતાના ગઢને મજબૂત કરવા નવી કવાયત હાથ ધરી



## વિધાનસભાની ચૂંટણી બાદ કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરાયેલા પૂર્વ ધારાસભ્ય પીડી વસાવા કોંગ્રેસમાં પરત ફર્યા

અમદાવાદ,તા.૦૩

લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાતમાં પાર્ટીને મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહેલી કોંગ્રેસને નર્મદા જિલ્લામાં સફળતા મળી છે. પાર્ટીએ તેમના વર્તમાન ધારાસભ્યની ટિકિટ રદ કરી હતી. તેઓ ફરી પાર્ટીમાં પરત ફર્યા છે. અન્ય ઉમેદવારની હાર બાદ પાર્ટીએ તેમને અહીં સસ્પેન્ડ કર્યા હતા. ગત વર્ષે ગુજરાત વિધાનસભાની ચૂંટણી બાદ કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરાયેલા પૂર્વ ધારાસભ્ય પીડી વસાવા કોંગ્રેસમાં પરત ફર્યા છે. પાર્ટીએ પીડી વસાવાને ચૂંટણી પહેલા પાર્ટી વિરોધી ગતિવિધિઓના આરોપસર સસ્પેન્ડ કરી દીધા હતા. અમદાવાદના રાજીવ ભવનમાં ચાર વખતના ધારાસભ્ય પીડી વસાવા તેમના સમર્થકો વચ્ચે પાર્ટીમાં ફરી જોડાયા. ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને તેમના સાથી હિંમતસિંહ પટેલે તેમનું પાર્ટીમાં સ્વાગત કર્યું હતું. કોંગ્રેસમાં વસાવાના ઘર વાપસી અભિયાનને પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલની પહેલ સાથે જોડવામાં આવી રહ્યું છે. જેમાં તેમણે પક્ષ છોડી ગયેલા આગેવાનો અને શુભેચ્છકોને પરત ફરવા અપીલ કરી હતી. વસાવાના ૪૦ સમર્થકોએ હાથ પકડી લીધો હતો. વસાવાની વાપસીથી નર્મદા જિલ્લામાં કોંગ્રેસ મજબૂત થશે. વસાવાને કોંગ્રેસે નર્મદા જિલ્લાના નાંદોદથી વિધાનસભા ચૂંટણી માટે ટિકિટ આપવાનો ઈનકાર કર્યો હતો, જ્યાંથી તેઓ તે સમયે ધારાસભ્ય હતા. આ આદિવાસી બેઠક પર કોંગ્રેસ ભાજપ સામે હારી હતી. પાર્ટીના ઉમેદવાર હરેશ વસાવાની હાર માટે સ્થાનિક નેતાઓએ તેમના પર આંગળી ચીંધ્યા બાદ કોંગ્રેસ દ્વારા પી ડી વસાવાને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. પીડી વસાવા કોંગ્રેસમાંથી સસ્પેન્ડ થયા બાદ કોઈપણ પક્ષમાં જોડાયા ન હતા. મોઢવાડિયાએ કહ્યું કે ચાર વખત ધારાસભ્ય વસાવા થોડા સમયથી અમારાથી દૂર હતા, પરંતુ આજે તેઓ પાછા અમારી સાથે છે. હું તેમનું સ્વાગત કરું છું. કોંગ્રેસે હંમેશા આદિવાસી વસ્તી માટે કામ કર્યું છે અને કરતું રહેશે. પૂર્વ ધારાસભ્યએ રાજ્યની ભાજપ સરકારની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે ભાજપના શાસનમાં ગુજરાતના લોકો મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, યુવાનોને નોકરીઓ નથી મળી રહી, ઉચ્ચ શિક્ષણ ગરીબોની પહોંચ બહાર છે અને ખેડૂતો પરેશાન છે. ગુજરાતમાં સત્તા પરિવર્તનની જરૂર છે. કોંગ્રેસ પાસે હાલમાં નર્મદા જિલ્લામાં એકપણ ધારાસભ્ય નથી.

# ૭ લોકોના પરિવારની સામુહિક આપઘાતની ઘટનામાં ૮૦ લોકોની પૂછપરછ

સુરત,તા.૦૪

ત્રણ નાના બાળકો સહીત ૭ લોકોના પરિવારની સામુહિ આપઘાતની ઘટનામાં આ પગલું ભરવા પાછળનું મૂળ કારણ બહાર આવવું ખુબ જરૂરી છે . કારોબારી મનીષ સોલંકી સહિત તેના પરિવારના સાત સભ્યો તેમના સુરતના ફ્લેટમાંથી મૃત હાલતમાં મળી આવ્યા બાદ પોલીસે તપાસ નો ધમધમાટ શરૂ કરી અત્યાર સુધીમાં ૮૦ લોકોની પૂછપરછ કરી છે. ઘટના બાદ સુરત પોલીસે આ કેસમાં હકીકતો સામે લાવવા એકપછી એક કડીઓ શોધવાનું ચાલુ રાખ્યું છે. સામૂહિક આત્મહત્યાના કેસમાં જે શંકાસ્પદ બાબતોની તપાસ અને ખરાઈ કરવામાં આવી રહી છે. મનીષ સોલંકીએ પરિવારના અન્ય સભ્યો – તેની પત્ની, ત્રણ બાળકો અને માતાપિતાને ઝેર આપીને આત્મહત્યા કરીને મૃત્યુ પામ્યા હોવાની થિયરી સ્વીકારી તપાસ આગળ વધારાઈ છે. અત્યાર સુધીમાં ૮૦ લોકોની પૂછપરછ કરવામાં આવી છે. સોલંકી પરિવારને ક્યુ કારણ આટલું મોટું પગલું ભરવા જવાબદાર છે? તેનો જવાબ શોધવા મથામણ કરી રહી છે. ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ ઝોન-૫ આર.પી. બારોટે મીડિયાને જણાવ્યું હતું કે, “મનિષ સોલંકીએ તેના પરિવારને ઝેર આપીને મારી નાખવાનું અને બાદમાં આત્મહત્યા કરીને મૃત્યુનું આટલું આત્યંતિક પગલું ભર્યું તેના પાછળના ચોક્કસ કારણ વિશે અમે હજુ સ્પષ્ટ નથી. અમને જાણવા મળ્યું છે કે તે કામ પર માનસિક તણાવમાં હતો. તેણે વિચાર્યું હશે કે તેના પછી તેના પરિવારની સંભાળ રાખવા માટે કોઈ નહીં હોય તેથી તેણે તેમને મારી નાખ્યા હોવાનો વિચાર કર્યો હોવાનું અનુમાન છે.

# દિવાળીમાં એસટી વિભાગ બે હજારથી વધુ એક્સ્ટ્રા બસ દોડાવશે



ગાંધીનગર,તા.૦૪

દિવાળી પર્વ પર લોકો તહેવાર મનાવવા પોતાના વતન જતા હોય છે. આવા સમયે રેલવે અને જી઼માં મુસાફરોની સંખ્યા વધી જતી હોય છે. જો કે આ વર્ષે દિવાળીમાં મુસાફરોને હાલાકી ન પડે તે માટે રેલવે વિભાગ બાદ હવે જી઼ વિભાગ પણ ચિંતિત બન્યું છે. મુસાફરો માટે દિવાળી પર્વ પર એક્સ્ટ્રા બસોનું સંચાલન પણ હાથ ધર્યું છે. જી઼ વિભાગે ૨૨૦૦ એક્સ્ટ્રા બસ દોડાવવાનો નિર્ણય લીધો છે. દિવાળીનો પર્વ હવે નજીક છે. દિવાળી વેકેશમાં લોકો પોતાના પરિવાર સાથે ફરવા અથવા તો પોતાના વતન જતા હોય છે. મોટી સંખ્યામાં લોકો દિવાળીમાં એક સ્થળેથી બીજા સ્થળે પ્રવાસ કરતા હોય છે. દર વર્ષે ટ્રેન, બસ અને ખાનગી બસોમાં એડવાન્સ બૂકિંગ થઈ જતુ હોય છે. ટ્રેન અને એસટી બસોમાં વેઈટિંગ ચાલતા હોય છે. જેના કારણે છેલ્લી ઘડીએ પ્રવાસનું આયોજન કરનારા લોકોને હાલાકી પડતી હોય છે. ત્યારે આ વર્ષે આવા લોકોને હાલાકી ન પડે તે માટે એસટી વિભાગ દ્વારા પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે એસટી વિભાગ દ્વારા લગભગ ૨૦ થી ૩૦ ટકા વધારે બસોનું સંચાલનનું આયોજન કરવામાં આવ્યું છે. એસટી વિભાગમાંથી મળતી માહિતી પ્રમાણે ગત વર્ષે ૧૫૦૦ જેટલી બસોનું સંચાલન કરાયું હતું. જ્યારે આ વર્ષે ૨૨૦૦ જેટલી એક્સ્ટ્રા બસોનું સંચાલનનું આયોજન કરાયું છે. જે એ જ બતાવે છે કે મુસાફરોની સંખ્યામાં આ વખતે ગત વર્ષની સરખામણીએ વધુ વધારો નોંધાઈ શકે છે. જી઼ વિભાગ દ્વારા ૨૨૦૦ જેટલી એક્સ્ટ્રા બસોના સંચાલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધારે ૧૭૦૦ બસ માત્ર સુરત શહેર માટે જ ફાળવવામાં આવી છે. કારણ કે સુરત શહેર કાપડ અને રત્ન ઉદ્યોગ સાથે જોડાયેલું સૌથી મોટું શહેર છે. સુરતમાં સૌથી વધારે નોકરિયાત વર્ગ જોવા મળે છે, મોટાભાગે અન્ય રાજ્યના લોકો ત્યાં વસવાટ કરીને નોકરી કરતા હોય છે. જેથી સુરત શહેરથી સૌથી વધારે લોકો પોતાના વતન એવા અન્ય શહેર વડોદરા, અમદાવાદ, રાજકોટ કે પછી સૌરાષ્ટ્રના શહેર જતા હોય છે. જેને લઈને સુરત માટે જ માત્ર ૧૭૦૦ જેટલી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સિવાય દાહોદ, પંચમહાલ જેવા જિલ્લાઓમાં પણ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું છે. તે સિવાય દિવાળી પર્વ પર જો કોઈ પણ સ્ટેશન કે ડેપો ખાતે મુસાફરોની સંખ્યા વધે અને ભીડ થાય તો તેવા સમયે ત્યાંના મેનેજરને જરૂર જણાય તે પ્રમાણે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવા પણ સૂચન કર્યું છે. જેથી મુસાફરોની ભીડને પહોંચી શકાય અને લોકોને સુવિધા પણ આપી શકાય. એક્સ્ટ્રા બસો ૭ નવેમ્બરથી દિવાળીના સમયગાળા દરમિયાન ચલાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે જી઼ વિભાગ દ્વારા જે ૧૫૦૦ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું. જે સંચાલન થકી ૩ લાખથી પણ વધારે મુસાફરોએ સેવાનો લાભ લીધો હતો. જેના કારણે એસટી વિભાગને અંદાજે ૬ કરોડ જેટલી આવક થઈ હતી.આ વર્ષે જ્યારે બસોના સંચાલનમાં વધારો કર્યો છે. ત્યારે એસટી વિભાગને અંદાજ છે કે ગત વર્ષની સરખામણી આ વર્ષે એસ ટી વિભાગ ને લગભગ બે કરોડ જેટલી વધુ આવક થશે. એટલે કે એસટી વિભાગે ૮ કરોડ જેટલી આવકનો અંદાજ દિવાળી સમય દરમિયાન લગાવ્યો છે.

# ૨૦૪૦ સુધીમાં દેશના ઘણા શહેરોમાં ગરમી ૪થી ૧૦ ગણી વધી શકે છે

## હવામાન વિભાગના અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૬૦ સુધીમાં, ભારતીય શહેરોમાં ગરમીના મોજાનો સમયગાળો વધશે અને આ વધારો ૧૨થી ૧૮ દિવસનો હોઈ શકે છે

નવી દિલ્હી, તા.૪

ટેકનોલોજીની મદદથી ઝડપથી વિકસી રહેલા વિશ્વની સાથે કાર્બન ઉત્સર્જનમાં વધારો થવાને કારણે સમગ્ર વિશ્વમાં પૃથ્વીના પર્યાવરણ માટે ગ્લોબલ વોર્મિંગ સૌથી મોટો ખતરો બનીને ઉભરી આવ્યું છે. જો સમગ્ર વિશ્વમાં કાર્બન ઉત્સર્જન આ રીતે ચાલુ રહેશે, તો તે પૃથ્વીને સળગતી ભઠ્ઠીમાં ફેરવશે જ્યાં માનવ સંસ્કૃતિ માટે ટકી રહેવું મુશ્કેલ બનશે. તેની અસર વિશ્વના અન્ય દેશોની સાથે ભારતમાં પણ વ્યાપક જોવા મળશે. ડીએસટીના મહામના સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન ક્લાઈમેટ ચેન્જ રિસર્ચ દ્વારા કરવામાં આવેલા વિશ્લેષણમાં આગાહી કરવામાં આવી છે કે ૨૦૪૦ સુધીમાં દેશના ઘણા શહેરોમાં ગરમી ૪થી ૧૦ ગણી વધી શકે છે. આ અભ્યાસના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ગ્લોબલ વોર્મિંગને કારણે ૨૦૪૦ સુધીમાં કાર્બન ઉત્સર્જનને નિયંત્રિત કરવાના સતત પ્રયાસો કરવામાં આવે તો પણ ગરમીમાં ઓછામાં ઓછો ૪થી ૭ ગણો વધારો થશે અને જો આ પ્રયાસ નિષ્ફળ જશે તો ગરમીમાં ૭થી ૧૦ ગણી વધી શકે છે. ૧૯૬૧ અને ૨૦૨૧ વચ્ચે, ભારતમાં ગરમીના મોજાની અવધિમાં લગભગ ૨.૫ દિવસનો વધારો થયો છે. ખાસ વાત એ છે કે આ રિપોર્ટ ભારતના હવામાન વિભાગના વૈજ્ઞાનિકો દ્વારા દેશના અલગ-અલગ ભાગોમાં ક્લાઈમેટ ચેન્જ અને તેની અસરો ઉપર કરવામાં આવેલા અભ્યાસના રિપોર્ટ સાથે મેળ ખાય છે. અહેવાલ મુજબ, હવામાન વિભાગના અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૬૦ સુધીમાં, ભારતીય શહેરોમાં ગરમીના મોજાનો સમયગાળો વધશે અને આ



વધારો ૧૨થી ૧૮ દિવસનો હોઈ શકે છે. ખાસ કરીને ઉત્તર પશ્ચિમ ભારતમાં, ૩૦ દિવસના સમયગાળા દરમ્યાન ઓછામાં ઓછા ચાર હીટ વેવ આવી શકે છે જે હીટ સ્ટ્રોકનું કારણ બનશે. ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું છે કે આવા નક્કર ડેટા ભવિષ્યમાં ભારતીય શહેરોમાં વધતી ગરમીને રોકવા માટેના પગલાં લેવામાં મદદરૂપ સાબિત થશે. તેમણે કહ્યું કે આના ઉપર કામ ચાલી રહ્યું છે અને કેન્દ્ર સરકારે તમામ શહેરો માટે HIT એક્શન પ્લાન બનાવવાનું શરૂ કર્યું છે. એવા શહેરોની ઓળખ કરવામાં આવી રહી છે જ્યાં ગરમીનું મોજું આવવાની સંભાવના છે જેથી લોકો માટે સલામતીના પગલાં લઈ શકાય. સ્કાયમેટ વેધર સર્વિસિસના હવામાનશાસ્ત્ર અને આબોહવા પરિવર્તનના વાઈસ પ્રેસિડેન્ટ મહેશ પાલાવત કહે છે કે હવામાન પરિવર્તનની અસરો લાંબા સમયથી દેખાઈ રહી છે.

# માત્ર ત્રણ મિસ કોલ અને તમારા પૈસા બેન્કમાંથી ચોરાઈ શકે છે : 'સિમ સ્વેપ' કૌભાંડ શું અને તે કેવી રીતે કરવામાં આવે છે

(એજન્સી) તા.૪

હાલમાં જ દેશની રાજધાની દિલ્હી સ્થિત એક ૩૫ મહિલા વકીલના બેંક ખાતામાંથી અમુક રકમની છેતરપિંડી કરવામાં આવી હતી. તેણીને ફોન પર ત્રણ કૉલ્સ આવ્યા હતા અને તે પછી તે 'સિમ સ્વેપ કૌભાંડ'નો શિકાર બની હતી. આ વિચિત્ર કૌભાંડમાં, સ્કેમર અયોગ્ય માધ્યમો દ્વારા તમારા ડુપ્લિકેટ સિમ કાર્ડની ઍક્સેસ મેળવે છે અને તેનો ઉપયોગ તમારા બેંક એકાઉન્ટ અને અન્ય વસ્તુઓની ઍક્સેસ કરવા માટે કરે છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે દેશભરમાં વિવિધ કૌભાંડો વધી રહ્યા છે, અને સ્કેમર્સ સતત નવી તકનીકો અપનાવી રહ્યા છે અને અસંદિગ્ધ લોકોને શિકાર બનાવવા માટે નવી રીતો ઘડી રહ્યા છે. ટેલિગ્રામ જોબ સ્કેમ હોય કે આર્મી ઓફિસર સ્કેમ, આ યુગમાં સતર્ક રહેવું મહત્વપૂર્ણ છે. સિમ સ્વેપ સ્કેમ કેવી રીતે કામ કરે છે : આ કૌભાંડ કેવી રીતે કાર્ય કરે છે તે સમજવા માટે, ચાલો પહેલા સમજીએ કે એવું શું થયું અને મહિલાએ તેના કેવી રીતે પૈસા ગુમાવ્યા. આ મહિલાને કથિત રીતે એક નંબર પરથી ત્રણ મિસ્ડ કોલ આવ્યા હતા પરંતુ તેણે ક્યારેય કોલ રિટર્ન કર્યો ન હતો. થોડા સમય પછી, તેણીને ટેક્સ્ટ સંદેશા મળ્યા જેમાં જણાવાયું હતું કે તેણીનું બેંક એકાઉન્ટ ડેબિટ થઈ ગયું છે. જો કે આ મહિલાએ ક્યારેય કોઈને કોઈ OTP અથવા વ્યક્તિગત વિગતો જાહેર કરી નથી, તેમ છતાં તેણીએ પૈસા ગુમાવ્યા હતા. આ મહિલા વકીલે ૧૮ ઓક્ટોબરે આ બનેલી ઘટનાની જાણ અધિકારીઓને કરી અને તેમને જાણ કરી કે તેણીએ લાખો રૂપિયા ગુમાવ્યા છે. તેણીએ એ પણ પુષ્ટિ કરી કે તેણીને કુલ ત્રણ કોલ્સ આવ્યા હતા અને જ્યારે તેણીએ બીજા નંબરનો ઉપયોગ કરીને પાછા કૉલ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેણીને જાણ કરવામાં આવી કે તે નંબર કુરિયર ડિલિવરી માટે છે. તેણીએ માત્ર તેના ઘરનું સરનામું કથિત આરોપી સાથે શેર કર્યું હતું, તેણીને એક મિત્ર પાસેથી એક પેકેજ આવવાનું હતું અને તેણીને તે મળ્યું પણ હતું. પાછળથી, તેણીની બેંકિંગ સેવા એપ્લિકેશનમાંથી બે અનધિકૃત ઉપાડ અંગેના બે સંદેશાઓ આવ્યા અને તેણીની સંમતિ વિના પૈસા ઘણી વખત ડેબિટ કરવામાં આવ્યા હતા. અધિકારીએ એ પણ ખુલાસો કર્યો કે તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું કે મહિલાની અસામાન્ય બ્રાઉઝિંગ હિસ્ટ્રી હતી અને તેની પાસે એવી વેબસાઈટ્સ હતી કે જેની તેણે મુલાકાત લીધી ન હતી. વધુમાં, તેણીને ફિશિંગ લિંક્સ અને અન્ય UPI પણ પ્રાપ્ત થયા હતા. આ તમામ બાબતો આ કૌભાંડમાં સિમ સ્વેપ સ્કેમર્સનો પ્રાથમિક ઉદ્દેશ્ય વ્યક્તિગત ડેટા મેળવવાનો છે, જેનો ઉપયોગ તેઓ ડુપ્લિકેટ સિમ મેળવવા માટે મોબાઈલ નેટવર્કમાંથી કોઈની સાથે મળીને કરી શકે છે. આ અંગે કેવી રીતે સુરક્ષિત રહેવું જોઈએ : સૌપ્રથમ અને સૌથી અગત્યનું, તમારૂ સરનામું અથવા વ્યક્તિગત દસ્તાવેજો જેમ કે આધાર કાર્ડ અથવા PAN વિગતો સહિતની તમારી અંગત માહિતી ક્યારેય પોસ્ટ કરશો નહીં પછી ભલે તે કોઈ પણ પ્લેટફોર્મ હોય. કોઈપણ વ્યક્તિ સાથે આવી વિગતો શેર કરતા પહેલા તેની ઓળખ હંમેશા ચકાસો. વધુમાં, જો તમારું સિમ કાર્ડ કામ કરવાનું બંધ કરે તો તરત જ તમારા ટેલિકોમ ઓપરેટરને જાણ કરો અને, અલબત્ત, અધિકારીઓ અથવા બેંકિંગ એજન્ટ હોવાનો ઢોંગ કરતી વ્યક્તિઓને ક્યારેય OTP જાહેર કરશો નહીં, કારણ કે તેનો ઉપયોગ SIM સ્વેપ કૌભાંડમાં પણ થઈ શકે છે.

# ઈઝરાયેલે ભૂમિ આક્રમણ શરૂ કરતા ગાઝામાં UN સહાયના વખારોમાં હજારો લોકો લૂંટ ચલાવી રહ્યા છે

(એજન્સી) તા.૪

હમાસ શાસિત ગાઝામાં આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે, ૭ ઓકટોબરે યુદ્ધ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં ગાઝામાં માર્યા ગયેલા પેલેસ્ટીનીઓનો મૃત્યુઆંક વધીને ૮૦૦૫ થઈ ગયો છે, જેમાં ૩૩૦૦થી વધુ સગીરો અને ૨૦૦૦થી વધુ મહિલાઓનો સમાવેશ થાય છે. આરોગ્ય મંત્રાલય હમાસ સંચાલિત સરકારનો ભાગ છે, જેમાં ડોક્ટરો અને પીઢ નાગરિક કર્મચારીઓનો સમાવેશ થાય છે જેઓ કોઈપણ જૂથ સાથે જોડાયેલા હોતા નથી. મંત્રાલયે ગયા અઠવાડિયે વિગતવાર રેકોર્ડ્સ બહાર પાડ્યા હતા જેમાં તે નોંધાયેલા મોટાભાગના મૃતકોના નામ, ઉંમર અને I.D. નંબર દર્શાવે છે. ૧૪૦૦થી વધુ લોકો ઈઝરાયેલી બાજુએ માર્યા ગયા છે, જેમાંથી મોટાભાગના નાગરિકો હમાસ દ્વારા ૭ ઓકટોબરના ઈઝરાયેલમાં લોહિયાળ ઘૂસણખોરીમાં માર્યા ગયા હતા. યુ.એન. એજન્સીએ રવિવારે જણાવ્યું હતું કે, ઈઝરાયેલ અને ગાઝાના હમાસ શાસકો વચ્ચેના યુદ્ધમાં ત્રણ અઠવાડિયાથી નિરાશા વધી રહી હતી. જાહેર વ્યવસ્થામાં પણ ભંગાણ સર્જાયું હતું. જેને લીધે હજારો લોકો લોટ અને મૂળભૂત સ્વચ્છતા ઉત્પાદનો લેવા ગાઝામાં આવેલા સહાયતા વખારમાં પ્રવેશ્યા હતા. હમાસે ઈઝરાયેલમાં કરેલા ઘાતકી આક્રમણના ત્રણ અઠવાડિયા પછી ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ યુદ્ધના 'બીજા તબક્કા'ની જાહેરાત કરી હતી. તેથી આ સપ્તાહના અંતે ઈઝરાયેલના ટેન્કર અને પાયદળ ગાઝામાં ઘૂસી ગયા હતા. સાથે-સાથે ઈઝરાયેલે હવા, જમીન અને સમુદ્રથી પણ ગાઝા પર હુમલો કર્યો હતો. તીવ્ર બોમ્બમારાના કારણે ગાઝા પ્રદેશમાં મોટાભાગનો સંદેશાવ્યવહાર નષ્ટ થઈ ગયો હતો. જેના કારણે સમગ્ર વિશ્વમાંથી ૨.૩ મિલિયન લોકોના સંપર્ક કપાઈ જવા પામ્યો હતો. જો કે, રવિવારે ગાઝાના મોટાભાગના વિસ્તારોમાં સંદેશાવ્યવહાર પુર્નઃ સ્થાપિત કરવામાં આવ્યો હતો. ઈઝરાયેલી સૈન્યએ રવિવારે જણાવ્યું હતું કે, તેણે છેલ્લા ૨૪ કલાકમાં હમાસ કમાન્ડ સેન્ટર્સ, નિરીક્ષણ પોસ્ટ્સ અને એન્ટી-ટેન્ક મિસાઈલ લોન્ચિંગ પોઝિશન્સ સહિત ૪૫૦થી વધુ આતંકવાદી લક્ષ્યોને નિશાન બનાવ્યા છે. પેલેસ્ટીની શરણાર્થીઓ માટેની યુ.એન. એજન્સી, (UNRWA)ના થોમસ વ્હાઈટે જણાવ્યું હતું કે, વખારો તોડી નાંખવી એક ચિંતાજનક સંકેત છે કે, ગાઝા પર ત્રણ અઠવાડિયાના યુદ્ધ અને ચુસ્ત ઘેરાબંધી પછી નાગરિક વ્યવસ્થા તૂટી રહી છે. લોકો ભયભીત છે, નિરાશ અને હતાશ થઈ ગયા છે. UNRWA ગાઝામાં હજારો લોકોને મૂળભૂત સેવાઓ પૂરી પાડે છે. સમગ્ર પ્રદેશમાં આવેલી તેની શાળાઓ ભરચક આશ્રયસ્થાનોમાં પરિવર્તિત થઈ ગઈ છે. જેમાં હાલ આ સંઘર્ષથી વિસ્થાપિત થયેલા પેલેસ્ટીનીઓ રહે છે. હાલ ઈઝરાયેલે ઈજિપ્તમાંથી આવેલી મદદની મંજૂરી આપી હતી, જેનો અમૂક સામાન સહાયતા વખારમાં રાખવામાં આવ્યો હતો અને એટલે જ લોકોએ વખાર તોડી હતી. એજન્સીના પ્રવકતા જુલિયેટ ટૌમાએ જણાવ્યું હતું કે તાજેતરમાં ટોળા ચારે બાજુથી તૂટી પડ્યા હતા. ગાઝાની સૌથી મોટી શિફા હોસ્પિટલ નજીક રહેતા રહેવાસીઓએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલી હવાઈ હુમલાઓ હોસ્પિટલ સંકુલની નજીક રાતોરાત ત્રાટક્યા હતા અને તેને લીધે ઘણા રસ્તાઓ બ્લોક થઈ ગયા હતા. આ તરફ ઈઝરાયેલે હમાસ ઉપર હોસ્પિટલની નીચે ગુપ્ત કમાન્ડ પોસ્ટ હોવાનો આરોપ મૂક્યો છે. હજારો નાગરિકો શિફા હોસ્પિટલમાં આશરો લઈ રહ્યા છે, જેમાં હુમલાઓમાં ઘાયલ થયેલા દર્દીઓ પણ છે. મહેમૂદ અલ-સાવાહ, જેઓ હોસ્પિટલમાં આશ્રય લઈ રહ્યા છે.

# લાંબાગાળાનો કોવિડ ચેપ મગજની ક્ષતિ સાથે સંકળાયેલ હોઈ શકે નહીં : અભ્યાસ

હાલમાં એક નવા અભ્યાસ મુજબ, લાંબા સમયનો કોવિડ અને વાયરલ આક્રમણ મગજના સક્રિય નુકસાન સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યું નથી. યુનિવર્સિટી ઓફ ગોથેનબર્ગ, સ્વીડનના સંશોધકોએ, આ પુષ્ટિ કરી છે કે, લાંબા સમયની કોવિડ સ્થિતિ ધરાવતા ૨૫ લોકોના લોહી અને સેરેબ્રોસ્પાઈનલ પ્રવાહીના નમૂનાઓ મેળવવા માટે રક્ત પરીક્ષણો અને પ્રક્રિયાઓ કરવામાં આવી હતી. તેમાંથી છ લોકોમાં કોવિડ-૧૯ પછી અવશેષ લક્ષણો વગરના હતા અને ૧૭ એ રોગથી સંપૂર્ણપણે મુક્ત હતા. આ નમૂનાઓ ફેબ્રુઆરી અને નવેમ્બર, ૨૦૨૧ની વચ્ચે લેવામાં આવ્યા હતા અને કુલ ૩૭ વિવિધ બાયોમાર્કર્સ માટે તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. સંશોધકોએ જણાવ્યું હતું કે, તેઓને નમૂનાઓમાં કોઈ શોધી શકાય તેવા SARS-CoV-2 વાયરસ મળ્યા નથી, જે આ રોગ ધરાવતા લોકોમાં COVID19ના પ્રથમ લક્ષણોના ઓછામાં ઓછા ત્રણ મહિના પછી એકત્રિત કરવામાં આવ્યા હતા. વધુમાં, રોગપ્રતિકારક સક્રિયકરણ અથવા મગજની ઈજાના માર્કર્સ માટે રક્ત અને સેરેબ્રોસ્પાઈનલ પ્રવાહીનું વિશ્લેષણ કરતી વખતે સહભાગી જૂથો વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત જોવા મળ્યો ન હતો. સંશોધકોએ ચેપી રોગોના જર્નલમાં પ્રકાશિત તેમના અભ્યાસમાં જણાવ્યું હતું કે, આ તારણો સૂચવે છે કે કોવિડ પછીની સ્થિતિ, અથવા કોવિડનો ચેપ લંબો સમય ચાલુ હોય તો પણ રોગપ્રતિકારક સક્રિયકરણ અથવા મગજને નુકસાન થતું નથી. યુનિવર્સિટી ઓફ ગોથેનબર્ગમાં ચેપી રોગોમાં ડોક્ટરલ વિદ્યાર્થી નેલી કેનબર્ગે જણાવ્યું હતું કે, આ નિષ્કર્ષો કોવિડ પછીની સ્થિતિ વિશેની અમારી સમજમાં વધારો કરે છે. આ પરિણામો સૂચવે છે કે આ સ્થિતિ કોવિડ -૧૯ ના તીવ્ર તબક્કા દરમ્યાન બનતી ઘટનાઓનું પરિણામ છે. જો કે, તે હજુ પણ અસ્પષ્ટ છે કે વાસ્તવિક ચેપ દરમ્યાન કોવિડ કેટલી હદ સુધી શરીરના પ્રતિભાવ સાથે જોડાયેલું છે. સંશોધકોએ જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્તરે ઘણા અભ્યાસો હાલમાં લાંબા કોવિડ માટે જોખમી પરિબળો ઉપર સંશોધન હાથ ધરવામાં આવી રહ્યા છે. શ્રીમતી નેલીએ ન્યુરોસાયકિયાટ્રિક આરોગ્ય ઉપર COVID-19ની લાંબા ગાળાની અસરમાં સતત સંશોધનના મહત્વ ઉપર ભાર મૂક્યો હતો. COVID-19 પછી લાંબા ગાળાના ન્યુરોલોજીકલ લક્ષણોનો અનુભવ કરતા લોકોની સંભાળ અને જીવનની ગુણવત્તા સુધારવા માટે, આપણે કોવિડ પછીની સ્થિતિના મૂળ કારણોને સમજવાની જરૂર છે.

# અભ્યાસ કરતી વખતે દિવસ દરમ્યાન આર્થિક પ્રવૃત્તિ કરવી જોઇએ કે નહીં ? વીકેન્ડમાં પણ જોબ કરવાના અનેક વિકલ્પો રહેલા છે

**હોસ્ટેલમાં રહીને કે પીજીમાં રહીને અભ્યાસની સાથે કામ કરતા ઘણા વિદ્યાર્થીઓ મેં જોયા છે. તેઓ કોઈ સંસ્થામાં પાર્ટ ટાઈમ નોકરી કરતા હોય છે. કોઈ સીએનો અભ્યાસ કરતા હોય તો કોઈ સીએની કંપનીમાં પણ કામ કરતા હોવાના દાખલા છે. એલએલબી કરનારા વકીલની સાથે રહીને પ્રેક્ટિસ કરવાની તૈયારી કરતા હોય છે. તે જ રીતે દરેક પ્રોફેશન વાળા પોતાની રીતે પોતાના ક્ષેત્રમાં કામ કરી શકે છે. આથી અભ્યાસની સાથે અનુભવ અને નાણાં બન્ને મળી રહે છે. કયા પ્રકારના કામ કરવા એ તો દરેક દરેક વ્યક્તિની આવડત અને પસંદગીની વાત છે. ખાસ કરીને આજકાલ તો યુવાનોને જો કામ કરવું હોય તો તકો રહેલી છે. કોઈ મોટી ફર્મમાં ટ્રેઈની કે તરીકે તો જોડાઈ શકાય છે.**

આજે આપણે એવી અભ્યાસની સાથે સાથે આર્થિક પ્રવૃત્તિ કરવી જોઈએ કે નહીં તે બાબતે ચર્ચા કરીશું. કારણ કે આજકાલ અભ્યાસની સાથે કામ કરી શકાય તેની વિપુલ તકો રહેલી છે. સવાલ એટલો છે કે, તમે અભ્યાસને અસર કરીને આર્થિક પ્રવૃત્તિ કરવા માગો છો કે નહી અને કયા પ્રકારનો અભ્યાસ કરો છો તેના ઉપર ઘણી બાબત નિર્ભર છે. આ ઉપરાંત હવે તો વીકેન્ડમાં પણ કામ કરી શકાય તેવા પ્રકારની પણ ઘણી બાબતો છે તેના ઉપર પણ ધ્યાન આપી શકાય છે. જો તમે તમારી આજુબાજુ નજર કરશો તો તમને એવા કેટલાય યુવાનો જોવા મળશે કે જેઓ અભ્યાસ અને આર્થિક ઉપાર્જન કરતા હો છે અને પોતાના ખર્ચા તો કાઢે જ છે, પરંતુ ફેમિલીને પણ સપોર્ટ કરે છે, ભવિષ્યની કારકિર્દી ઘડી કાઢે છે અને ખાસ્સી એવી બચત પણ કરતા હોય છે. તો ચાલો આ મુદ્દા ઉપર આજે ચર્ચા કરીશું જેના કારણે તમને આઈડિયા આવે કે અભ્યાસની સાથે શું શું પ્રવૃત્તિ કરી શકાય છે.

### આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તીનો કોઇ સમય છે ?

મુદ્દા ઉપર આગળ વધતા પહેલા સૌથી મહત્વની બાબત એ છે કે, તમારે જરૂરિયાત કેટલી છે? તકો કેટલી છે? અને ભવિષ્ય કેવું બનાવવું છે? ખાસ કરીને હાલની પેઢી જલ્દીથી પુખ્ત થઈ ગઈ છે. તેમના વિચારો ખૂબ જ આગળ વધી ગયા છે. પહેલાની જેમ ૧૮ વર્ષે નહી પરંતુ ૧૪ વર્ષની આસપાસ બાળક જે છોકરો હોય કોઈ છોકરી ખાસ્સા સમજણા થઈ ગયા હોય છે અને તેમનું શારીરિક બંધારણ અને વિચારવાની પ્રક્રિયા પુખ્ત વ્યક્તિ જેવા થવા લાગે છે. આમ જોવા જઈએ તો વાલીઓ માટે આ એક ફાયદો છે કે બાળક ઝડપથી મોટું થઈ જાય તો તેમની જવાબદારી હળવી થાય છે. પરંતુ મા-બાપ માટે બાળક તો કાયમ બાળક જ રહેવાના તેઓ કાયમ તેમને ગાઈડન્સ આપતા જ રહેવાના. પરંતુ હાલમાં વાલીઓ અને બાળકો વચ્ચે જો કોઈ બાબતમાં સૌથી મોટો સંઘર્ષ થતો હોય તો આર્થિક બાબતમાં થતો હોય છે. હાલની જનરેશન એટલી એડવાન્સ થઈ ગઈ છે કે, તેમને મોબાઈલ, લેપટોપ, ગેમ્સ, વાહનો, ટુર્સ, નિયમિત રીતે બહારનું જમવું અને પ્રવાસો કરવાનું ખૂબ જ જોઈતા હોય છે ત્યારે તેના માટે ખાસ્સો ખર્ચો થતો હોય છે. ઓલરેડી હાલમાં અભ્યાસનો ખર્ચો આસમાને પહોંચ્યો છે. અભ્યાસની ટ્યુશન ફીથી લઈને બુક્સ સહિતની વસ્તુઓ ખરીદવા જઈએ તો ખિસ્સા હળવા થઈ જાય છે. જો એક રીતે કહું તો મહિને ઓછામાં ઓછા રૂા.૧૦ હજારનો ઓવર ઓલ ખર્ચ એક બાળક પાછળ આસાનીથી થઈ જાય છે. એમાંય વળી જો કોઈ મોટી શાળા કે કોલેજમાં અભ્યાસ કરતા હોય તો તે ખર્ચમાં હજુ પણ વધારો થાય છે.

જે વાલીઓ પૈસા પાત્ર છે તેમને તો કોઈ વાંધો આવતો નથી પરંતુ ગરીબ, સામાન્ય વર્ગ અને મધ્યમ વર્ગને ખાસ્સી તાણ અનુભવવી પડતી હોય છે. વળી આજકાલનો જમાનો દેખા-દેખીનો છે તેના કારણે બાળકોને જો કોઈ વસ્તુ ના અપાવો તો બાળકો ખાસ્સી જીદ કરતા હોય છે, વાલીઓ સાથે ઘર્ષણ કરતા હોય છે. અરે ખુદ અમુક વાલીઓ તો પોતે જમાનાથી પાછળ રહી ગયા હોય તેવો અનુભવ કરતા હોય છે. જ્યારે ઘર ચલાવનારની આવક મર્યાદિત હોય ત્યારે સ્વાભાવિક છે કે કોઈને કોઈ રીતે આવક વધે તેવા રસ્તા વિચારતા હોય છે. તેઓને કાયમ એવું થતું હોય છે કે દીકરો કે દીકરી મોટા થઈ જાય અને થોડી કમાણી કરતા થાય તો તેમને રાહત થાય. પરંતુ કમાણી કરવા માટે તેમને એકદમ ના મોકલી શકાય.

ભારતમાં બાળ મજૂરી કાયદો લાગુ છે. ૧૪ વર્ષથી નાની વયના બાળકોને મજૂરી માટે મોકલી શકાતા નથી. ૧૪થી ૧૮ વર્ષની વયના તરૂણો ઘણી જગ્યાએ કામ કરતા જોવા મળે છે પરંતુ તેઓ કયા પ્રકારનું કામ કરે છે તેના ઉપર નિર્ભર છે.ર કોઈપણ જોખમી કે જ્વલનશીલ જગ્યાઓએ કામ કરવા માટે મોકલી શકાતા નથી. તેમ છતાં ઘણી વખત જોવામાં આવ્યું છે કે તરૂણ વયે બાળકોર કામ કરવા માટે મજબૂર થતા હોય છે. આ ઉપરાંત ઘણાની પોતાની પેઢી હોય છે તેમા પણ બાળકો નાની વયથી જ તાલીમના નામે જોડાઈ જતા હોય છે. આપણે ત્યાં કહેવત છે કે 'પાક્કા ઘડે કાંઠા ના ચડે' એટલે કે અમુક ઉંમરમાં જ કામ શીખી લેવાય બહુ પાકટ વય થઈ જાય ત્યારબાદ કામ આવડે પણ નહિ અને શીખવામાં પણ ખાસ્સી તકલીફ પડે. આથી જો ઘરનો ધંધો હોય તો બાળક ૧૬ વર્ષનું થાય ત્યારે વાલીઓ પોતાની દેખરેખ હેઠળ બિનજોખમી કામ શરૂ કરાવી લેતા હોય છે. તેના માટે સવારની શાળા પસંદ કરે છે આથી આખો દિવસમાં અમુક સમય અભ્યાસ માટે જ્યારે બાકીનો સમય કામ માટે ફાળવતા હોય છે. પરંતુ મારી સલાહ મુજબ ૧૮ વર્ષ બાદ જ બાળકને કોઈ કામ કરાવવું જોઈએ. ત્યાં સુધી તો તેનો હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો થઈ ગયો હોય અને સમજણ પણ આવી જતી હોય છે.

### અભ્યાસ કરવો કે કામ કરવું ?

અભ્યાસ કરવો જરૂરી જ હોય છે પરંતુ બધા જ તેજસ્વી હોય અને ટોપર રહે તેવું ક્યારેય બનતુ નથી. દરેકની એક ક્ષમતા હોય છે. વાલીઓ અને વિદ્યાર્થીઓ પોતે પોતાની ટેલેન્ટ વેળાસર પારખી જાય તે જરૂરી છે. જો અભ્યાસમાં મન ના લાગતું હોય તો સ્નાતકનો અભ્યાસ તો જરૂરી છે. પરંતુ સાથે સાથે કારકિર્દી ઘડવી પણ જરૂરી હોવાથી સ્નાતકના અભ્યાસની સાથે સાથે કારકિર્દી ઘડવાની પણ શરૂઆત કરી દેવી જોઈએ. પહેલા તો નક્કી કરવું પડે કે તમે માત્ર આર્થિક જરૂરિયાતો પૂરી કરવા માટે કામ કરવા માગો છો કે પછી લાંબાગાળે કારકિર્દી ઘડવા માગો છે. આ બાબતે દરેક માટે અલગ-અલગ તરે છે. ખાસ કરીને જો તમે બહારગામ અભ્યાસ કરવા આવ્યા હોય. હોસ્ટેલમાં રહેતા હોય અને જેમાં અભ્યાસ કરતા હોવ તેમાં વાંચન કે પ્રોજેક્ટના કામોનું ભારણ ના હોય. સારો એવો સમય બચતો હોય તો તમે આર્થિક પ્રવૃત્તિ કરી શકો છો. ઘણા એવા હોય છે કે જેમને અભ્યાસમાં રસ હોતો નથી. પોતાનો ધંધો સ્થાપવા માગતા હોય છે. તેઓ તે રીતે આગળ વધી શકો છો. જો કે હોસ્ટેલમાં રહીને કે પીજીમાં રહીને અભ્યાસની સાથે કામ કરતા ઘણા વિદ્યાર્થીઓ મેં જોયા છે. તેઓ કોઈને કોઈ સંસ્થામાં પાર્ટ ટાઈમ નોકરી કરતા હોય છે. કોઈ સીએનો અભ્યાસ કરતા હોય તો કોઈ સીએની કંપનીમાં પણ કામ કરતા હોવાના દાખલા છે. એલએલબી કરનારા વકીલની સાથે રહીને પ્રેક્ટિસ કરવાની તૈયારી કરતા હોય છે. તે જ રીતે દરેક પ્રોફેશનવાળા પોતાની રીતે પોતાના ક્ષેત્રમાં કામ કરી શકે છે. આથી અભ્યાસની સાથે અનુભવ અને નાણાં બન્ને મળી રહે છે.

### કયા-કયા પ્રકારના કામ કરી શકાય ?

કયા પ્રકારના કામ કરવા એ તો દરેક દરેક વ્યક્તિની આવડત અને પસંદગીની વાત છે. ખાસ કરીને આજકાલ તો યુવાનોને જો કામ કરવું હોય તો તકો રહેલી છે. કોઈ મોટી ફર્મમાં ટ્રેઈની કે ઈન્ટર્ન તરીકે તો જોડાઈ જ શકાય છે. એવા ઘણા યુવાનો જોયા છે કે તેઓ સ્વીગી, ઝોમોટો કે પોર્ટરના ડિલિવરી બોય તરીકે કામ કરીને રોજના રૂા.૫૦૦ કે તેથી વધુ રકમ કમાઈને પોતાનો પોકેટ મની કાઢી લેતા હોય છે. ફુડનો બિઝનેસ ટ્રેન્ડીગમાં છે. જો તમને યાદ હોય તો તાજેતરમાં ચીઝ કેકના વીડિયોઝ બહુ વાઈરલ થયા હતા કે જેમા યુવાન અને યુવતીઓ માત્ર શનિવારે અને રવિવારે રોડસાઈડ ટેબલ નાખીને ચીઝ કેક વેચતા હતા અને સારી એવી કમાણી કરતા હતા. બીજા એક વીડિયોમાં જોવા આવ્યું હતું કે આ ઉપરાંત વીકએન્ડ અને પાર્ટટાઈમ કામ કરવું હોય તો કોન્ટેન્ટ રાઈટીંગ, ફોટોગ્રાફી, ડિજીટલ માર્કેટીંગ, જીમ ટ્રેઈનીંગ, ક્રીએટીવ વર્ક સહિતના એવા કેટલાય ફિલ્ડ છે કે જેમા કામ કરી શકાય છે અને પોકેટ મની કમાઈ શકાય છે એટલું જ નહી ઘણી વખત તો કાયમી કારકિર્દી બની જતી હોય છે. તો મિત્રો તમે પણ આવું કંઈક વિચારજો. નવરા બેસી રહેવા કરતા કોઈને કોઈ કામ કરો તો પૈસા તો મળે જ છે પરંતુ સમજમાં એક માન અને તમને ભવિષ્યનો રસ્તો મળે છે.

CMYK CMYK CMYK

# સોમનાથ - સુરત વચ્ચે દિવાળીના તહેવારો દરમ્યાન સ્પેશ્યલ ટ્રેન દોડશે

## તા.૬ નવેમ્બરે સુરતથી અને તા.૭ નવેમ્બરે વેરાવળથી થશે પ્રારંભ






વેરાવળ તા. ૪

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે દિવાળીના તહેવારો, વેકેશન અને ગિરનાર પરિક્રમા, સોમનાથ કાર્તિકી પુર્ણિમાના મેળાને અનુસંધાને વિશાળ માનવ મહેરામણ છલકાતો હોય, વેરાવળ રેલ્વે સલાહકાર સમિતિના સભ્ય અને સૌરાષ્ટ્ર પેસેન્જર્સ એસો.ના મંત્રી મુકેશ ચોલેરાએ જૂનાગઢના સાંસદ તથા વેસ્ટર્ન રેલ્વે ડીઆરએમ ભાવનગરને આ સમય દરમ્યાન ખાસ સ્પેશ્યલ ટ્રેન દોડાવવા માંગણી કરી હતી જે પ્રયાસનો પ્રતિસાદ મળતા સુરત-વેરાવળ વચ્ચે તા.૬ નવેમ્બરથી સ્પેશ્યલ એકાંતરા ટ્રેનનો પ્રારંભ કરાશે. જે ટ્રેનમાં કુલ ૧૭ કોચ હશે જેમાં ૮ જનરલ કોચ, ૨ સ્લીપર, સેકન્ડ અને થર્ડ એ.સી. કોચ -૫ તથા આગળ - પાછળ ગાર્ડના બે કોચ રહેશે.

નવેમ્બર માસમાં ચાર ટ્રીપ થશે તા.૭, ૧૪, ૨૧, ૨૮ પહેલી ટ્રીપ તા.૬ નવેમ્બર સોમવારે સવારે ૭.૩૦ વાગ્યે ઉપડી ૧૧.૪૦ કલાકે અમદાવાદ, ૪.૧૦ રાજકોટ તથા વેરાવળ સવારે ૮.૦૫ કલાકે પહોંચશે. આજ ગાડી આવ્યાના ત્રણ કલાક પછી મંગળવારે સવારે ૧૧.૦૫ કલાકે વેરાવળથી સુરત જવા પ્રસ્થાન કરશે તા.૭ નવેમ્બરે કરશે. જે રાજકોટ ૨.૫૦ કલાકે, અમદાવાદ સાંજે ૭.૪૫ અન સુરત રાત્રે ૧૧.૪૫ કલાકે પહોંચશે. ટ્રેનની સફર ૧૧.૧૦ કલાકની રહેશે. કુલ ૬૦૪ કિ.મી.નો રન રહેશે, સ્પીડ ૫૪.૦૯ કેએમપીએચ રહેશે, ગાંડી નંબર સુરતથી ઉપડનારી ૯૦૧૭ અને વેરાવળથી ઉપડનારી ૯૦૧૮ છે. રેલ્વે તંત્રએ મુસાફરોના ઘસારાને પહોંચી વળવા આ ખાસ દિવાળી સ્પેશ્યલ ટ્રેન ચાલુ કરતા રેલ્વે સ્ટેશન અધિકારી મહાપાત્ર ભાવનગર ડીવીઝનને અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# જૂનાગઢમાં મહાલક્ષ્મી માતાજીના મંદિરે ભાવિકો માટે દર્શન સમય



જૂનાગઢ તા. ૪

જૂનાગઢમાં દાણાપીઠ વિસ્તારમાં પ્રસિધ્ધ મહાલક્ષ્મી માતાજીનું મંદિર આવેલ છે. મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી ભુપેન્દ્ર સી. વ્યાસની યાદીમાં જણાવેલ છે કે, પ્રતિ વર્ષની પરંપરા મુજબ આ વર્ષે દિવાળીના તહેવારોમાં તા.૧૦-૧૧-૨૩ ને શુક્રવારે ધનતેરસથી તા.૧૪-૧૧-૨૩ ને મંગળવાર નૂતન વર્ષ સુધી મહાલક્ષ્મી માતાજીના મંદિરમાં દર્શનનો સમય વહેલી સવારે ૫.૩૦ કલાકથી બપોરે ૧૨.૩૦ કલાક અને સાંજે ૫.૦૦ કલાકથી રાત્રીના ૧૦ કલાક સુધીનો રહેશે. તેમજ તા.૧૩-૧૧-૨૩ ને સોમવારે મહાલક્ષ્મી માતાજીના મંદિરમાં અન્નકોટ રાખેલ છે. તેના દર્શનનો સમય સાંજે ૫-૩૦થી રાત્રીના ૯ કલાક સુધીનો રાખેલ છે. આ પ્રસંગે દરેક ધર્મપ્રેમી જનતાને દર્શનનો લાભ લેવા એક યાદીમાં નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# ચેક રીટર્નના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

જૂનાગઢ તા. ૪

ચેક રીટર્ન અંગેના એક કેસમાં મેંદરડા કોર્ટે આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ કરેલ છે. આ કેસની વિગત એવી છે કે, ફરીયાદીએ આરોપીને મિત્રતાના સંબંધે હાથ ઉછીના રૂા.૧ લાખ રોકડ આપેલ હતા જે અંગે થોડા સમય પછી ફરીયાદીને પૈસાની જરૂર પડતા આરોપીએ રૂા.૧ લાખનો ચેક આપેલ હતો. જે ચેક ફરીયાદીએ બેંકમાં જમાં કરાવતા ચેક ઈનસફીશીયંટ ફંડના શેરા સાથે પરત ફરેલ હતો. જેથી ફરીયાદી અકરમભાઈએ આરોપી ઉદયગીરી સામે મેંદરડા કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ હતી. આ કેસની સુનાવણી હાથ ધરાતા ફરીયાદી અને આરોપી પક્ષે રજુઆત સાંભળી આરોપી તરફે દલીલો ગ્રાહય રાખી આરોપી ઉદયગીરીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા મેંદરડા કોર્ટે હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી તરફે એડવોકેટ જીતેન પી. જોષી અને નિતીન ગુજરીયા રોકાયેલા હતા.

## ઈઝરાયેલ-હમાસના યુદ્ધને લઈને વિશ્વબેંકની ચેતવણી

# યુદ્ધ વકરશે તો ખનીજ તેલની કિંમતમાં જોરદાર વધારો થશે

વોશિંગ્ટન, તા.૪

સોમવારે વિશ્વ બેંકે જણાવ્યું હતું કે, જો ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ વકરશે તો ખનીજ તેલની કિંમતોમાં જબરદસ્ત વધારો થઈ શકે છે. તેના પરિણામ સ્વરૂપ સમગ્ર વિશ્વમાં ખાવા પીવાની વસ્તુઓ મોંઘી થઈ શકે છે. વિશ્વબેંકના કોમોડીટી માર્કેટ આઉટલુકમાં જણાવવામાં આવ્યું છે કે જો લડાઈ ઉગ્ર નહી બને તો તેલની કિંમત પર મર્યાદિત અસર થશે.પરંતુ જો સંઘર્ષ વધશે તો સ્થિતિ બગડી શકે છે. હમાસ દ્વારા ઈઝરાયેલ પરના હુમલામાં ૧,૪૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા, જેમાંથી મોટાભાગના નાગરિકો હતા, લગભગ ૨૪૦ને બંધક બનાવામાં આવ્યા છે. ઈઝરાયેલ દ્વારા હમાસ સામે યુદ્ધની ઘોષણા પછી પશ્ચિમ એશિયામાં વ્યાપક સંઘર્ષની આશંકા ઊભી થઈ છે અને તણાવ વધવાનો ડર સતાવી રહ્યો છે. ઈઝરાયેલી ટેંક અને પાયદળ ગાઝામાં મોકલી દેવામાં આવ્યું છે કેમ કે વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ યુદ્ધનો "બીજો તબક્કો" જાહેર કરી દીધો છે. બીજી તરફ હમાસના અધિકારીઓએ લેબનોનમાં ઈરાન સમર્થિત હિઝબુલ્લા સહિત અન્ય સહયોગીઓ પાસેથી વધુ મદદની માંગણી કરી છે. વિશ્વ બેંકે યુદ્ધના ત્રણ પરિદ્રશ્યોના પ્રભાવ વિશે જણાવ્યું વિશ્વ બેંકે તેના અહેવાલમાં નાના, મધ્યમ અથવા મોટા અડચણની સ્થિતિમાં વૈશ્વિક તેલ પુરવઠા માટે ત્રણ દશ્યો વિશે વાત કરી છે. વિશ્વ બેંકનો અંદાજ છે કે જો સંઘર્ષ ઓછો રહેશે તો તેની અસર મર્યાદિત હોવી જોઈએ - આ સંજોગોમાં તેલના ભાવ આવતા વર્ષે સરેરાશ ઈ૮૧ પ્રતિ બેરલ સુધી ઘટવાની અપેક્ષા છે. પરંતુ જો મધ્યમ પ્રકારનું યુદ્ધ થાય તો વૈશ્વિક તેલના પુરવઠામાં દરરોજ ૩ મિલિયનથી ૫ મિલિયન બેરલનો ઘટાડો થશે, જેના કારણે તેલના ભાવમાં ૩૫% જેટલો વધારો થવાની સંભાવના છે. અહેવાલ મુજબ, ૧૯૭૩ના આરબ ઓઈલ પ્રતિબંધ દરમિયાન જે રીતે યુદ્ધ થયું હતું તેવા સંજોગોમાં વૈશ્વિક તેલનો પુરવઠો ૬ મિલિયનથી ૮ મિલિયન બેરલ પ્રતિ દિવસ ઘટશે અને કિંમતો ૫૬% થી ૭૫% અથવા ૧૪૦થી ૧૫૭ ડોલર પ્રતિ બેરલ સુધી સુધી વધી શકે છે.

વિશ્વ બેંકના ચીફ ઈકોનોમિસ્ટ ઈન્દરમિત ગીલે જણાવ્યું હતું કે યુક્રેન પર રશિયાના આક્રમણની વૈશ્વિક અર્થવ્યવસ્થા પર પહેલાથી જ વિક્ષેપ જનક અસર પડી છે જે આજે પણ ચાલુ છે. ગિલે કહ્યું, "જો સંઘર્ષ વધશે, તો વૈશ્વિક અર્થવ્યવસ્થા દાયકાઓમાં પ્રથમ વખત બેવડા ઉર્જા સંકટનો સામનો કરશે - જે માત્ર યુક્રેન યુદ્ધને કારણે જ નહીં પરંતુ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિને કારણે સર્જાઈ છે. વિશ્વ બેંકના ડેપ્યુટી ચીફ ઈકોનોમિસ્ટ અહાન કોસે જણાવ્યું હતું કે તેલના ઊંચા ભાવથી ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો થશે. કોસે કહ્યું, "જો તેલના ભાવ નિર્ણાયક સ્તરે પહોંચે છે, તો તે ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો કરશે જે યુક્રેન પર રશિયાના આક્રમણના પરિણામે ઘણા વિકાસશીલ દેશોમાં પહેલેથી જ વધી ગયો છે." નવા સંઘર્ષને કારણે જે તે ક્ષેત્ર જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ખાદ્ય અસુરક્ષામાં વધારો થવાની શક્યતા છે. યુદ્ધની શરૂઆતથી તેલના ભાવમાં લગભગ ૬% વધારો થયો છે. યુદ્ધની સ્થિતિમાં જેની કિંમત વધે છે તે સોનું વિશ્વ બેંક અનુસાર લગભગ ૮% ઉછળ્યું છે. કેટલાક વિશ્લેષકોને શંકા છે કે યુએસ તેલની અછતનો સામનો કરી શકે છે.

## વાહન ખરીદવા લીધેલ લોન પેટે આપેલ ચેક રિટર્ન થતા

# જૂનાગઢની નામદાર કોર્ટે પાંચ કેસોમાં આપેલ દાખલા રૂપ સજાના ચુકાદાઓ

## એક કેસમાં છ માસની સજા, એક કેસમાં એક વર્ષની સજા અને ત્રણ કેસમાં બે વર્ષની સજા તથા દંડનો કરેલ હુકમ

જૂનાગઢ તા. ૪

જૂનાગઢની અલગ-અલગ કોર્ટોએ ચેક રીટર્ન અંગેના પાંચ કેસોમાં આરોપીઓને સજા તથા દંડનો હુકમ કરેલ છે. આ કેસની વિગત એવી છે કે, કાર્તિક કિશોરભાઈ જોષી રહે. ઘાટવડ, તા.કોડીનાર વાળાએ વાહન ખરીદવા શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ લી.માંથી લોન લીધેલ હતી. સદરહુ લોન પેટે આપેલ ચેક રિર્ટન થતા શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ લી.એ કેસ કરેલ હતો. સદરહુ કેસ ચાલી જતા ફરીયાદીની રજુઆત માન્ય રાખી જૂનાગઢના નામદાર સાતમાં એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ વી.એસ. ઝાલાએ તા.૧૩/૧૦/૨૦૨૩ ના રોજ બે વર્ષની સજા અને રૂા.૧૨,૦૦,૦૦૦/- વળતર પેટે ચુકવવાનો કાર્તીક કિશોરભાઈ જોષી સામે હુકમ કરેલ છે.

આ કેસની વિગત જોઈએ તો દિપકભાઈ કે. મેસવાડીયા રહે.આજોઠા, તા. વેરાવળ વાળાએ વાહન ખરીદવા શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ લી.માંથી લોન લીધેલ હતી. સદરહુ લોન પેટે આપેલ ચેક રિર્ટન થતા શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ લી. એ કેસ કરેલ હતો. સદરહુ કેસ ચાલી જતા ફરીયાદીની રજુઆત માન્ય રાખી જૂનાગઢના નામદાર સાતમાં એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ વી. એસ. ઝાલાએ તા.૧૪/૧૦/૨૦૨૩ ના રોજ બે વર્ષની સજા અને રૂા.૭,૦૦,૦૦૦/– વળતર પેટે ચુકવવાનો આરોપી દિપકભાઈ કે. મેસવાડીયા સામે હુકમ કરેલ છે.

આ કેસની વિગત જોઈએ તો વિજયદાસ અનસુખભાઈ દાણીધારીયા રહે.આંબલીયા, તા.જૂનાગઢ વાળાએ વાહન ખરીદવા શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ લી.માંથી લોન લીધેલ હતી. સદરહુ લોન પેટે આપેલ ચેક રિર્ટન થતા શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ લી.એ કેસ કરેલ હતો. સદરહુ કેસ ચાલી જતા ફરીયાદીની રજુઆત માન્ય રાખી જુનાગઢના નામદાર ચોથા એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ ડી. પી. છાટબારએ તા.૧૬/૧૦/૨૦૨૩ ના રોજ છ માસની સજા અને રૂા.૪૦,૮૦૦/– વળતર પેટે ચુકવવાનો આરોપી વિજયદાસ અનસુખભાઈ દાણીધારીયા સામે હુકમ કરેલ છે. અન્ય એક કેસમાં કાનાભાઈ વિજાનંદભાઈ સોલંકી રે.વડનગર, તા.કોડીનાર વાળાએ વાહન ખરીદવા શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ લી.માંથી લોન લીધેલ હતી. સદરહુ લોન પેટે આપેલ ચેક રિર્ટન થતા શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ લી. એ કેસ કરેલ હતો. સદરહુ કેસ ચાલી જતા ફરીયાદીની રજુઆત માન્ય રાખી જૂનાગઢના નામદાર ચોથા એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ ડી. પી. છાટબારએ તા.૧૬/૧૦/૨૦૨૩ ના રોજ એક વર્ષની સજા અને રૂા.૮,૦૦,૦૦૦/– વળતર પેટે ચુકવવાનો આરોપી કાનાભાઈ વિજાનંદભાઈ સોલંકી સામે હુકમ કરેલ છે.

આ ઉપરાંત એક કેસમાં માલદેભાઈ અમરાભાઈ સોલંકી, રહે.પીપળવા, તા.માળીયા હાટીના વાળાએ વાહન ખરીદવા શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ લી.માંથી લોન લીધેલ હતી. સદરહુ લોન પેટે આપેલ ચેક રિર્ટન થતા શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ લી.એ કેસ કરેલ હતો. સદરહું કેસ ચાલી જતા ફરીયાદીની રજુઆત માન્ય રાખી જુનાગઢના નામદાર બીજા એડી. ચીફ જયુડી. મેજી. દીપેશકુમાર એમ. ચાપાનેરીયાએ તા.૨૧/૧૦/૨૦૨૩ ના રોજ બે વર્ષની સજા અને રૂા.૪,૮૦,૦૦૦/- વળતર પેટે ચુકવવાનો આરોપી માલદેભાઈ અમરાભાઈ સોલંકી સામે હુકમ કરેલ છે.

આમ ચેક રીટર્ન અંગેના અલગ-અલગ પાંચ કેસોમાં જૂનાગઢની વિવિધ કોર્ટે આરોપીને સજા અને દંડનો હુકમ કરી દાખલારૂપ ચુકાદાઓ આપેલ છે. ઉપરોકત તમામ કેસમાં ફરીયાદી તરફે એડવોકેટ પારસ એમ. બાબરીયા, રોહિત એચ. ખોડા તથા રૂબીના એ. જેઠવા રોકાયેલા હતા.

# કેનેડા દર વર્ષે પાંચ લાખ લોકોને તેમના દેશમાં વિઝા આપી બોલાવશે



નવીદિલ્હી,તા. ૪

ભારત અને કેનેડા વચ્ચે છેલ્લા કેટલાક સમયથી તણાવભર્યુ વાતાવરણ ચાલી રહ્યું છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટૂડોના એક નિવેદન બાદ ભારતે પણ વળતો જવાબ આપ્યો હતો. ત્યારબાદ કેનેડાના વડાપ્રધાન પોતાના જ દેશમાં ઘેરાઈ ચૂક્યા હતા. ત્યારે હવે ભારત માટે કેનેડાએ મોટુ પગલુ ઉઠાવ્યુ છે. કેનેડાએ ૨૦૨૪માં પણ ૪,૮૫,૦૦૦ નવા ઈમિગ્રન્ટ્સને એન્ટ્રી આપશે. આ યોજનામાં ૨૦૨૫ સુધી આ સંખ્યા ૫,૦૦,૦૦૦ લાખ સુધી વધારવાની છે. કેનેડાના મંત્રી માર્ક મિલરે ૨૦૨૪-૨૬ માટે ઈમિગ્રેશન યોજનાઓ શરૂ કરતા કહ્યું કે ૨૦૨૬થી ઈમિગ્રેશન સ્તર વધારીને ૫૦૦,૦૦૦ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે ભારત કેનેડામાં ઈમિગ્રેશન અને વિદ્યાર્થીનો સૌથી મોટો સોર્સ છે. ભારતીય વિદ્યાર્થી પાસેથી કેનેડાને મોટી કમાણી થાય છે.. ગયા વર્ષે ૧,૧૮,૦૦૦થી વધારે ભારતીયઓએ કેનેડામાં પીઆર મેળવ્યા. જે કેનેડામાં આવતા તમામ ૪,૩૭,૧૨૦ નવા લોકોનો ચોથો ભાગ છે. નવા ઈમિગ્રેશન ટાર્ગેટથી કેનેડાની જનસંખ્યામાં દર વર્ષે ૧.૩ ટકા વધશે. જણાવી દઈએ કે કેનેડા આવાસની ભારે અછતનો સામનો કરી રહ્યુ છે. ત્યારે મિલરે કહ્યું કે કેનેડા નવા લોકોને બોલાવવાનું ચાલુ રાખશે. તેમણે સ્વીકાર્યું કે ઈમિગ્રેશન લેવલને ૫,૦૦,૦૦૦ સુધી મર્યાદિત કરવામાં આવી રહ્યું છે કારણ કે અમે માનીએ છીએ કે હાઉસિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ અને સ્થાયી જનસંખ્યા વૃદ્ધિને યોગ્ય રીતે ધ્યાનમાં લેવી જરૂરી છે.

# સાયકલમાંથી બનાવ્યું ખેતી કરવાનું અત્યંત ઉપયોગી સાધન

## કોઈપણ વસ્તુનો જુગાડ કરવામાં ભારતીયોને અગ્રેસર માનવામાં આવે છે, કહેવાય છે કે દરેક વસ્તુનો કોઈને કોઈ ઉપાય હોય છે



નવી દિલ્હી, તા.૪

સહરસામાં રહેતા એક ખેડૂતે માત્ર ૩,૦૦૦ રૂપિયા ખર્ચીને જુગાડનો ઉપયોગ કરીને હળ બનાવ્યું. તે સૌરબજાર બ્લોક વિસ્તાર હેઠળના બૈજનાથપુરમાં રહે છે અને તેનું નામ દિનેશ યાદવ છે. તેમના આ જુગાડ બાદ અન્ય લોકો પણ તેમના આઈડિયાની નકલ કરી રહ્યા છે. આ જુગાડને કારણે તેઓને તેમના ખેતરમાં ખેડાણ કરાવવા માટે કોઈ ટ્રેક્ટર માલિક પાસે જવું પડતું નથી. જો કે, તેમનો આ જુગાડ મજબૂરીમાં તૈયાર કરવામાં આવ્યો હતો.આવો તમને આખી વાત જણાવીએ. દિનેશ પાસે નાના ખેતરો છે. આ ક્ષેત્રો ૨ થી ૭ કાથા સુધીના છે. જેમ તમે જાણો છો, તેની ખેડાણ માટે ટ્રેક્ટર જરૂરી છે. આ માટે તેણે વારંવાર ટ્રેક્ટર માલિક પાસે જવું પડતું હતું. તે એક નાનું ખેતર હોવાને કારણે, કોઈ ટ્રેક્ટર માલિક તેના ખેતરને ખેડવા તૈયાર ન હતો. ઘણા ટ્રેક્ટર માલિકોને સમજાવ્યા પછી પણ તેઓ રાજી ન થયા. એક દિવસ તેને તેના પિતાએ ખરીદેલું હળ ઘરમાં ફાટેલું જોવા મળ્યું. તે એક નાનું ખેતર હોવાને કારણે, કોઈ ટ્રેક્ટર માલિક તેના ખેતરને ખેડવા તૈયાર ન હતો. ઘણા ટ્રેક્ટર માલિકોને સમજાવ્યા પછી પણ તેઓ રાજી ન થયા. એક દિવસ તેને તેના પિતાએ ખરીદેલું હળ ઘરમાં ફાટેલું જોવા મળ્યું. આ જુગાડ હળની મદદથી માત્ર બે કલાકમાં ૪-૫ થેલી ખેતર તૈયાર કરી શકાય છે. હળ ખેંચવા માટે બળ લગાવવું પડે છે. જો કે, આ તેમને કસરત પણ આપે છે.

## નિષ્ફળ પ્રેમ સંબંધ એ રેપ કેસનો આધાર નથી : દિલ્હી હાઈકોર્ટની સુનાવણી

# 'સગાઈ પછી સંબંધ બાંધો'ના મહિલાના આરોપ પર કોર્ટની મહત્વની સુનાવણી

નવીદિલ્હી,તા.૪

દિલ્હી હાઈકોર્ટે તાજેતરમાં એક સરકારી કર્મચારીને એક કેસમાં આગોતરા જામીન આપ્યા હતા જ્યાં એક મહિલાએ તેના પર લગ્નના ખોટા બહાને તેના પર બળાત્કાર કરવાનો આરોપ લગાવ્યો હતો. જે મુદ્દે કોર્ટે કહ્યું કે જો પ્રેમ સંબંધ ન ચાલે તો તેને રેપનો કેસ દાખલ કરવાનો આધાર ન બનાવવો જોઈએ. મહિલાની ફરિયાદ મુજબ, તેણે આરોપ લગાવ્યો હતો કે તે વ્યક્તિએ તેની સાથે લગ્ન કરવાનું વચન આપીને તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. જો કે, તેણીએ દાવો કર્યો કે તેમની સગાઈ પછી, પુરુષના પરિવારે દહેજની માંગ કરવાનું શરૂ કર્યું. જ્યારે તેના પરિવારે દહેજ આપવાનો ઈનકાર કર્યો, ત્યારે આરોપીએ તેની અવગણના કરવાનું શરૂ કર્યું અને તેની સાથે લગ્ન કરવાનો ઈનકાર કર્યો. કોર્ટમાં સુનાવણી દરમિયાન આરોપી વ્યક્તિએ દલીલ કરી હતી કે મહિલાના પરિવારે તે યુવતીને બીમારી હોવાનો ખુલાસો કર્યો ન હતો અને આ અંગે યુવકને છેલ્લી ઘડીએ આ વાતની ખબર પડી. જ્યારે મહિલાએ કોઈ તબીબી સમસ્યા જાહેર કરી ન હતી અને પરિવારે તેને છુપાવી હતી, ત્યારે તેમની પાસે લગ્ન તોડવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતોની સામે પક્ષ તરફથી દલીલ કરવામાં આવી હતી. તેમણે એ પણ દલિલ કરી હતી કે કૈતિના કરિયરને નુકસાન પહોચાડવા માટે દર્જ કરાવી હતી.. કોર્ટે શું કહ્યું? જે વિષે જણાવીએ, ત્યારે આ સમગ્ર મામલે દલીલોને ધ્યાનમાં રાખીને જસ્ટિસ સુધીર કુમાર જૈને આરોપીને આગોતરા જામીન આપવાનો નિર્ણય કર્યો હતો. તેમણે કહ્યું કે ફ્રૈંઈમાં લગાવવામાં આવેલા આરોપો એ દર્શાવતા નથી કે આરોપીનો મહિલા સાથે લગ્ન કરવાનો કોઈ ઈરાદો નહોતો અને તેણે શરૂઆતથી જ લગ્નનું ખોટું વચન આપ્યું હતું. જસ્ટિસ જૈને ભારપૂર્વક જણાવ્યું હતું કે આ કેસમાં આઈપીસીની કલમ ૩૭૬ હેઠળ બળાત્કારનો ગુનો લાગુ પડતો નથી. આ મામલે હાઈકોર્ટે એમ પણ જણાવ્યું હતુ કે મહિલાએ આરોપી સાથે ચાર મહિનાથી વધુ સમય સુધી કોઈ પણ કથિત બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યો હોવાનો ખુલાસો કર્યો નથી.

કોર્ટે તારણ કાઢ્યું કે આરોપીએ મહિલા સાથે તેની સંમતિથી શારીરિક સંબંધો બનાવ્યા કે નહીં તે પ્રશ્નપ કેસનો આધાર શું છે અને તેના માટે યોગ્ય પુરાવા શું છે? વધુમાં જસ્ટિસ જૈને સ્વીકાર્યું કે જો અરજદારને ખોટા કેસમાં જેલમાં ધકેલી દેવામાં આવે તો તેની કારકિર્દીને નુકસાન થઈ શકે છે.

મહિલાઓના સર્વાંગી વિકાસ માટે વડાપ્રધાને શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા ઉપર વધારે ભાર મૂક્યો : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# ગાંધીનગર ખાતે આંગણવાડી અને તેડાગરની બહેનોને ગણવેશ વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયોઃ મુખ્યમંત્રીએ ૪૨ અભયમ્ રેસ્કયુ વાનને ફ્લેગ ઓફ કરાવ્યું





(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૪

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, જે જગ્યાએ નારીનું માન, સન્માન અને ગૌરવ સચવાય, તે જગ્યાની પ્રગતિ નિશ્ચિત છે, એટલે જ ગુજરાત આજે દરેક ક્ષેત્રે અગ્રેસર છે. સાથે જ ગુજરાતની મહિલાઓ પણ વિવિધ ક્ષેત્રે રાજ્ય સહિત દેશનું નામ રોશન કરી રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે GNLU-ગાંધીનગર ખાતે આયોજિત કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળની આંગણવાડીઓની બહેનોને ગણવેશ વિતરણ કર્યું હતું. આ સાથે જ તેમણે "૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન"ની ૪૨ રેસ્કયું વાનનું પણ ફ્લેગ ઓફ કરાવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે મહિલાલક્ષી ૩૩૨ યોજનાઓની મહિતી આપતી પુસ્તિકા, મિલેટ રેસીપીની પુસ્તક ‘ અન્ન’ તથા સ્ટેટ જેન્ડર ઈન્ડેક્ષ રિપોર્ટનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મહિલા સશક્તીકરણ પર બનાવવામાં આવેલી શોર્ટ ફિલ્મ ‘‘સક્ષમ નારી’’ અને ‘‘સતર્કતા’’નું પણ મુખ્યમંત્રીએ અનાવરણ કર્યું હતું.


મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે મહિલાઓની સમસ્યાઓનો અંત લાવવા મહિલા સશક્તીકરણ માટેના નવા અધ્યાયની શરૂઆત કરી અને મહિલા તેમજ બાળકોના કલ્યાણ માટે અલગ વિભાગની શરૂઆત કરાવી હતી. વડાપ્રધાનએ રાજ્યમાં દીકરીના જન્મથી લઈ તેની વૃદ્ધા અવસ્થા સુધીની ચિંતા કરી છે અને આ સમયગાળા દરમિયાન તેમને પડતી મુશ્કેલી માટે અનેક કલ્યાણકારી યોજનાઓ શરૂ કરાવી છે, જેનો આજે રાજ્યભરની મહિલાઓને લાભ મળી રહ્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનના મહિલા સશક્તીકરણના આ સંકલ્પને અમારી ટીમ ગુજરાત ખૂબ જ સફળતાપૂર્વક આગળ ધપાવી રહી છે. મહિલા અને બાળ કલ્યાણ ઉપરાંત ગુજરાતે આજે દરેક ક્ષેત્રે ઉદાહરણરૂપ કામગીરી કરી છે જેના પરિણામે આજે આપણું ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું છે. આજે ગુજરાતના ખૂણે-ખૂણે અને છેવાડાના નાનામાં નાના ગામડાઓ સુધી ધંધા-રોજગાર, સ્વાસ્થ્ય સેવાઓ અને શિક્ષણ સહિતની તમામ જરૂરી સુવિધાઓનો વિકાસ થયો છે. આજે ગુજરાતના ગામડાઓમાં પણ મલ્ટી-સ્પેશીયાલીટી હોસ્પિટલો જોવા મળે છે, જેનો લાભ જરૂરિયાતમંદ નાગરિકોને ઘર આંગણે મળી રહ્યો છે. એક પરિવાર ઉપર જ્યારે કોઈપણ સંકટ આવે ત્યારે તેમાં સૌથી વધારે મુશ્કેલીનો સામનો મહિલાઓને કરવો પડતો હોય છે, તેમ કહેતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, મહિલાઓની આવી તમામ મુશ્કેલીના નિવારણ માટે વડાપ્રધાનએ શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા પર વધારે ભાર મૂક્યો છે. મહિલાઓ શિક્ષિત થશે તો આર્થિક રીતે સ્વનિર્ભર બની શકશે. સ્વાસ્થ્ય માટે પણ વડાપ્રધાનની પ્રેરણાથી શરુ થયેલી PMJAY-MA યોજના થકી આજે રાજ્યના અનેક પરિવારોના આર્થિક બોજા ઘટ્યા છે. રાજ્યમાં મહિલાઓની સુરક્ષા અંગે વાત કરતા મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, ગુજરાત આજે મહિલાઓની સુરક્ષાની દ્રષ્ટીએ દેશમાં સૌથી આગળ છે. નવરાત્રીનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે, નવરાત્રી દરમિયાન મહિલાઓ નિશ્ચિંત થઈ રાત્રે એકલા ગરબા રમવા જઈ શકે, કોઈપણ સમયે એકલા રાત્રે બહાર જવાનું થાય તો પણ કોઈપણ પ્રકારના ભય વગર નીકળી શકે તેવા સુરક્ષિત વાતાવરણનું ગુજરાતમાં નિર્માણ થયું છે, તેનો શ્રેય પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરેલા સુયોગ્ય આયોજનને જાય છે.

મહિલા અને બાળ કલ્યાણ મંત્રી મતી ભાનુબહેન બાબરીયાએ નારીશક્તિ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં ઈતિહાસ ખોલીને જોઈશું તો સચોટ અંદાજ આવશે કે, આ ભારતને આટ-આટલા નરવીરોના રક્તનું સિંચન કરનારી અને પુણ્યભૂમિ બનાવનારી શકિત એ ‘‘નારીશકિત’’ છે. આજે કોઈપણ એવું ક્ષેત્ર નથી, જ્યાં નારીશકિતનું સામર્થ્ય જોવા ન મળતું હોય.

મંત્રીએ આંગણવાડીના ૫૩ હજાર તેડાઘર બહેનોના ગણવેશ વિતરણ કરતા જણાવ્યું હતું કે, આંગણવાડીની બહેનો તમામ બાળકોને માતાતુલ્ય સ્નેહ આપી પ્રેમથી પોતાના હાથે જમાડે છે. તેડાઘર બહેનોની આ પ્રકારની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે માતા યશોદા એવોર્ડની શરૂઆત કરવામાં આવી હતી. રાજ્યની મહિલાઓની કૂખથી લઈને કરીયાવર સુધીની ચિંતા રાજ્ય સરકાર કરે છે. જેના માટે અનેક મહિલાલક્ષી યોજનાઓ અમલમાં છે. મંત્રીએ નારી વંદન બિલનો ઉલ્લેખ કરતા ઉમેર્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતની તમામ મહિલાઓને પુરુષ સમોવડી બનાવવા નારીશકિત વંદન બિલ પસાર કર્યું છે. આ બિલ થકી સંસદ અને વિધાનસભામાં ૩૩ ટકા મહિલા અનામતનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. હવે મહિલાઓ રાજકીય ક્ષેત્રે કુટુંબ, રાજ્ય અને દેશનું નામ રોશન કરશે. મંત્રીએ ઉમેર્યું હતું કે, અભયમ્ મહિલા હેલ્પલાઈન ૧૮૧ના અમલીકરણથી રાજ્યની કિશોરીઓ, યુવતીઓ અને મહિલાઓ અભય બની છે.

આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ મતી શિલ્પાબેન પટેલ, ધારાસભ્ય મતી રીટાબેન પટેલ, મહિલા અને બાળવિકાસ વિભાગના સચિવ કે. કે. નિરાલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથ અને ભગવાન દ્વારકાધિશને ૪૨૫-૪૨૫ કમળફુલો-છપ્પનભોગ ધરાયો



વર્ષ ૨૦૨૪માં ફરી ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી બને તેવી લાગણી

(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૪

ભારતના બાર જયોતિર્લીંગ સોમનાથ મહાદેવને આજે વિદેશમાં વસતા ભારતીય યુવતીએ સોમનાથ દાદાને અંતઃકરણપુર્વક પ્રાર્થના, અરજ, પુજા કરી વર્ષ ૨૦૨૪ની ચુંટણીમાં નરેન્દ્ર મોદી ૪૨૫ સીટથી પણ વધુ બેઠકો મેળવી જંગી વિજયથી વિજેતા થાય અને પુનઃ તેઓ જ ભારતના વડાપ્રધાન બને તેવી વિશેષ પુજા કરી હતી. અમેરીકાના ફલોરીડાના ટેમ્પા શહેરમાં વસવાટ કરતા પુજાબેન ફુલારાએ સોમનાથ મહાદેવ અને ભગવાન દ્વારકાધિશને ૪૨૫ જેટલા કમળફુલો ચઢાવી અને છપ્પનભોગ મહાથાળ ધરી આગામી ચુંટણીમાં નરેન્દ્ર મોદીની ભવ્ય વિજય થાય તે માટે વિશેષ પુજા કરી હતી.

# જૂનાગઢ એસટી વિભાગ દ્વારા તહેવારો દરમ્યાન ૧૭૭ વધારાની બસ દોડાવશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

સૌરાષ્ટ્રના અન્ય જિલ્લામાંથી જૂનાગઢ આવવા-જવા ઈચ્છતા મુસાફરો માટે દાહોદ, ગોધરા તરફ વતનમાં દિવાળી કરવા જવા ઈચ્છતા મુસાફરો માટે તેમજ સુરત ખાતે હિરા ઘસતા રત્ન કલાકારો પોતાના વતન-ગામોમાં આવી દિવાળીનું પર્વ ઉજવી શકે તે માટે વધારાની એસટી બસના સંચાલનનું આયોજન કરાયું છે. આ અંગે જૂનાગઢ એસટીના ડિવીઝનલ કન્ટ્રોલર આર.પી. શ્રીમાળીએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રના જિલ્લામાં જવા-આવવા માટે ૭ નવેમ્બરના ૭ બસ ૧૪ ટ્રીપ કરશે. ૮ નવેમ્બરના ૨૦ બસ ૪૬ ટ્રીપ, ૯ નવેમ્બરે ૨૬ બસ ૭૭ ટ્રીપ, ૧૦ નવેમ્બરે ૩૬ બસ ૧૧૬ ટ્રીપ અને ૧૧ નવેમ્બરના ૨૨ બસ ૭૩ ટ્રીપ કરશે. આમ, સૌરાષ્ટ્ર અને અન્ય જીલ્લા માટે ૫ દિવસમાં એસટી ૧૧૧ બસ દ્વારા ૩૨૬ ટ્રીપ એકસ્ટ્રા કરાવાશે. જયારે દાહોદ ગોધરા માટે ૭ નવેમ્બરે એસટીની ૧૩ બસ, ૮ નવેમ્બરે ૧૩ બસ, ૯ નવેમ્બરે ૧૧ બસ, ૧૦ નવેમ્બરે ૨૩ બસ અને ૧૧ નવેમ્બરે ૬ બસ મળી કુલ ૬૬ બસ એકસ્ટ્રા દોડાવાશે. આમ, બંને મળીને ૧૭૭ એસટીની વધારાની બસ દ્વારા ૩૯૨ ટ્રીપ કરાશે. આ ઉપરાંત સુરત માટે જૂનાગઢથી અગિયારસના દિવસે ૬૦ બસ જશે અને ત્યાંથી રાત્રીના આ બસ જૂનાગઢ અને આજુબાજુના તાલુકાના રત્ન કલકારોને લઈને આવશે.

# જૂનાગઢમાં જગમાલ ચોકથી ભાટીયા ધર્મશાળા તેમજ જગમાલ ચોકથી માંડવી ચોક ગટર અને રોડ બનાવવા વોર્ડ નં. ૮નાં કોર્પોરેટરની રજુઆત

જૂનાગઢ તા. ૪

જૂનાગઢ મનપાનાં વોર્ડ નં. ૮નાં કોર્પોરેટર સેનીલાબેન અશરફભાઈ થઈમ તથા જેબુનનીશાબેન એસ. કાદરી દ્વારા મનપાનાં કમિશ્નરને એક પત્ર પાઠવી જગમાલ ચોકથી ભાટીયા ધર્મશાળા તેમજ જગમાલ ચોકથી માંડવી ચોક વિસ્તારમાં ગટર અને રોડ બનાવવા માંગણી કરી છે. આ પત્રમાં જણાવેલ છે કે તા. ૨૯-૧૦-૨૨નાં વહીવટી હુકમ થયેલ અને કાર્યાલય આદેશની ગ્રાન્ટ અંતર્ગત બાંધકામ શાખા વિભાગ હેઠળનું સેમ ગ્રાન્ટના જગમાલ ચોક થી માંડવી ચોક આજ દિન સુધી કામ ચાલુ થયેલ નથી. આ બાબતે અવાર નવાર રૂબરૂ મુલાકાત કરી ડીએમસી તેમજ બાંધકામ એન્જીનીયરોને રૂબરૂ મળેલ અને આ કામનો વર્ક ઓર્ડર પણ આપેલ છતાં વોટર વર્કસનાં એન્જીયરના શેરા માટે હજુ સુધી કામ ચલુ થયેલ નથી. આ જગ્યા જૂનાગઢનો ઐતિહાસીક ઉપરકોટ પહોંચવા માટેનો મુખ્ય રોડ હોય હાલ દિવાળીના તહેવારો સબબ હજારો પ્રવાસીઓ આ ઉપરકોટની મુલાકાત લેતા હોય જેથી ઉપરોકત રોડનું કામ તાત્કાલીક ધોરણે ચાલુ કરાવવા જણાવેલ છે.

વધુમાં ઉપરોકત રોડ પર નવાબીકાળની અને ખુબ જ મોટી ગટર હયાત છે તો ભુગર્ભ ગટરની જરૂર નથી. આમ છતાં આપને યોગ્ય લાગે તો તે પણ સરકારની ગાઈડન્સ મુજબ કરો તો અમોને વાંધો નથી. અને દિવાળીનો તહેવાર ખુબ જ નજીક હોય તો આ વિસ્તારમાં આવેલા મહાલક્ષ્મી મંદિરનું દર વર્ષે પેચકામ, લાઈટ, સફાઈ વગેરે કરવા માટે તા. ૧-૧૧-૨૩નાં રોજ રજુઆત કરેલ હોય તો વહેલી તકે કરાવી આપવા કોર્પોરેટરોએ પત્રનાં અંતે માંગણી કરી છે.

# એપલ ઇન્ટરનેશનલ સ્કૂલમાં યોજાયો અવર્નેસ જનરેશન પ્રોગ્રામસ ઓન સસ્ટેનેબલ એનર્જી ૨૦૨૩-૨૪નો કાર્યક્રમ

જામનગર તા.૪

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી ( GEDA) નાં સહયોગ થી તેમજ કલાઈમેન્ટ ચેન્જ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર અને એમ. ડી. મહેતા ડ્રિસ્ટ્રિક સાયન્સ સેન્ટર ,ધ્રોલ દ્વારા એપલ ઈન્ટરનેશનલ સ્કૂલ માં અભ્યાસ કરતા ધોરણ ૯ થી ૧૨ નાં વિધ્યાર્થીઓ માટે એક સુંદર મજાના "અવર્નેશ જનરેશન પ્રોગ્રામ ઓન સસ્ટેનેબલ એનર્જી" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતરગત વિવિધ પ્રવૃતિઓ દ્વારા જેવી કે ઊર્જા ની બચત ઊર્જા મોડેલ નિદર્શન , ઊર્જા ક્વિઝ દ્વારા એમ. ડી. મહેતા ડીસ્ટ્રિક સાયન્સ સેન્ટર ધ્રોલ થી પધારેલ પંકજભાઈ એ પોતાના વ્યાખ્યાન દ્વારા જરૂરી



માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ માં વિજ્ઞાન વિશેની ઊર્જાને લગતી અવનવી માહિતીઓ સાથે વિદ્યાર્થીઓ ને આજના વિજ્ઞાન માટે અવગત કરાયા હતાં.

અને ઊર્જા નાં બિનપરંપરાગત સ્ત્રોતો નાં જરૂરી મોડેલ બતાવી અવનવા પ્રેક્ટિકલ સાથેની સમજ વિદ્યાર્થીઓ ને આપવામાં આવી હતી.અને વિદ્યાર્થીઓ ને ઊર્જાનો ઉપયોગ ,ઊર્જાનું ઉત્પાદન,અને ખાસ ઊર્જા ની બચત કઈ રીતે કરી શકાય તેનાથી અવગત કરવામાં આવ્યાં હતાં.કાર્યક્રમ નું સમગ્ર સંચાલન શાળાના વિજ્ઞાન શિક્ષક શ્રી જતીન ભટ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું.જયારે કાર્યક્રમને અંતે શાળા નાં આચાર્ય શ્રી જીજ્ઞેશભાઈ ચાંગાણી દ્વારા પ્રાસંગીક માર્ગદર્શન આપી ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી અને એમ. ડી. મેહતા સાયન્સ સેન્ટર ધ્રોલ થી પધારેલ પંકજભાઈ અને તેમની ટીમ નો ખુબ ખુબ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# સલાયામાં થયેલી ઘરફોડ ચોરી પ્રકરણમાં ત્રણ શખ્સોને દબોચી લેતી એલસીબી પોલીસ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૪

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે તાજેતરમાં વિવિધ પ્રકારની મશીનરી તથા રોકડની ચોરી થયાનો બનાવ સ્થાનિક પોલીસ મથકમાં નોંધાયો હતો. આ વચ્ચે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા લગત વિભાગને નોંધાયેલા ગુના સંદર્ભે તાકીદની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

જેને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલ દ્વારા તેમની ટીમ સાથે વિવિધ દિશાઓમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ખંભાળિયા ટાઉનમાં એલ.સી.બી. વિભાગના પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. સજુભા જાડેજા, હેડ કોન્સ્ટેબલ જેસલસિંહ જાડેજા, તથા કુલદીપસિંહને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ પ્રકરણમાં સલાયાના મૂળ રહીશ અને હાલ જામનગરના હુસેની ચોક વિસ્તારમાં રહેતા જાવેદ આદમ જસરાયા (ઉ.વ. ૨૨), સલાયામાં ભીમ પાડો ખાતે રહેતા જાવેદ ઉર્ફે હંટો હારુન સંઘાર (ઉ.વ. ૪૦) અને ગોદી પાડો વિસ્તારમાં રહેતા અસગર ઉર્ફે ગરીયો રજાક સંઘાર (ઉ.વ. ૨૩) નામના ત્રણ શખ્સોને ખંભાળિયા - દ્વારકા હાઈવે પરના ઓવરબ્રિજ પાસેથી શંકાસ્પદ હાલતમાં દબોચી લીધા હતા. જેની આગવી ઢબે કરવામાં આવેલી પૂછપરછમાં તેઓએ થોડા દિવસ પૂર્વે સલાયામાંથી કરેલી ચોરીની કબુલાત આપી હતી.આ શખ્સો પાસેથી પોલીસે ગ્રાઈન્ડર મશીન, આરી કટર, ડ્રિલ મશીન, પાઈપ તથા એક મોબાઈલ ફોન અને રૂપિયા ૧૯,૯૧૦ રોકડા મળી કુલ રૂપિયા ૨૬,૪૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ પ્રકરણમાં સલાયાના એજાજ રજાક સંઘાર તેમજ સલાયા, જામનગર અને રાજકોટમાં જુદા જુદા સ્થળોએ રહેતા સુલતાન ઉર્ફે ચીચો આદમ બારોયા નામના બે શખ્સો પણ સંડોવાયેલા હોવાની કબુલાત ઝડપાયેલા આરોપીઓએ આપતા પોલીસે બંને શખ્સોને હાલ ફરાર ગણી વધુ તપાસ અર્થે ઉપરોક્ત શખ્સોનો કબજો સલાયા મરીન પોલીસને સોંપી દીધો છે. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, એસ.વી. ગળચર, સજુભા જાડેજા, જેસલસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, કુલદીપસિંહ જાડેજા, પ્રદિપસિંહ જાડેજા, ડાડુભાઈ જોગલ, સચિનભાઈ નકુમ તથા ધર્મેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા કરવામાં આવી હતી.

# ખંભાળિયાની નિર્માણાધીન ગ્રામ્ય પ્રાથમિક શાળાનું બાંધકામ નબળુંઃ રાજ્યના શિક્ષણ મંત્રી દોડી આવ્યા

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૪

ખંભાળિયા તાલુકાના ભંડારીયા ગામે આવેલી સરકારી પ્રાથમિક શાળામાં ચાલી રહેલા રૂમના બાંધકામની ગુણવત્તા સંદર્ભે ફરિયાદો હોવાના અનુસંધાને રાજ્યના શિક્ષણ મંત્રી અત્રે દોડી આવ્યા હતા અને સ્થળ નિરીક્ષણ કરીને ચાલી રહેલું આ બાંધકામ તોડી પાડી, નવેસરથી કરવા માટેનો હુકમ કરવામાં આવ્યો છે. મુજબ ખંભાળિયા તાલુકાના ભંડારીયા ગામે આવેલી સરકારી પ્રાથમિક શાળામાં બિલ્ડિંગ માટેનું આશરે રૂપિયા અઢી કરોડના ખર્ચે નિર્માણકાર્ય કરવામાં આવી રહ્યું છે. તે પૈકી રૂપિયા ૨૭.૫૬ લાખના ખર્ચે બે રૂમ સહિતનું બાંધકામ પણ ખાનગી કોન્ટ્રાક્ટર દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. આ કામ નબળું થઈ રહ્યું હોવાની ફરિયાદોને અનુલક્ષીને રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા અત્રે રૂબરૂ દોડી આવ્યા હતા. નવા ચાલી રહેલા બાંધકામમાં ચોક્કસ ભાગમાં તદ્દન હલકી ગુણવત્તાવાળું બાંધકામ થયું હોવાનું તેમના ધ્યાને આવતા તેમના દ્વારા આ બાંધકામ ડિમોલિશ કરી અને અહીં નવેસરથી કામ કરવા કોન્ટ્રાક્ટરને આદેશ કરવામાં આવ્યો છે. જે અંગેની નોંધ તેમના દ્વારા શાળાની મિનિટ્સ બુકમાં પણ કરવામાં આવી છે.


# દ્વારકા જિલ્લાની વિવિધ કચેરીઓમાં રેકર્ડ વર્ગીકરણ કરાયું

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ’સ્વચ્છતા હી સેવા’ અભિયાન અન્વયે જિલ્લાની વિવિધ કચેરીઓમાં રેકર્ડનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર રાજ્યમાં ’સ્વચ્છતા હી સેવા’ અભિયાન અંતર્ગત તમામ સરકારી કચેરીઓના રેકર્ડ વર્ગીકરણ, ભંગારનો નિકાલ, જુના [redacted]

# હાઈકોર્ટના આદેશ બાદ ખંભાળિયામાં તંત્ર સફાળું જાગ્યુંઃ મુખ્ય રસ્તા ઉપરના દબાણો દૂર કરાયા

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૪

ખંભાળિયા શહેરમાં છેલ્લા ઘણા સમયથી જાહેર માર્ગો ગીચ બની રહ્યા છે. અહીં વાહન ચાલકો તથા લોકોની અવર-જવરને થતી હાલાકી સંદર્ભે છેક હાઈકોર્ટની [redacted] દેવામાં આવેલા હંગામી દબાણો દૂર કર્યા છે. ખંભાળિયા શહેરએ દેવભૂમિ દ્વારકા જિલ્લાનું મુખ્ય મથક હોવાથી અહીં ટ્રાફિક વ્યવસ્થાને નડતરરૂપ અનેક માર્ગો પર વ્યાપક પ્રમાણમાં ઓટલા, ખાપેડા, સહિતના [redacted] જુદા ચાર રસ્તાઓ પરના દબાણોને તાકીદે હટાવીને આ અંગેનો રિપોર્ટ કરવા આદેશ કરાયો હતો. જેને અનુલક્ષીને ગઈકાલે સવારે ખંભાળિયા નગરપાલિકાના ચીફ ઓફિસર ભરતભાઈ વ્યાસ તથા તેમની [redacted] આવી હતી. પાલિકા તંત્ર દ્વારા પોલીસ, આરટીઓ તેમજ પીજીવીસીએલના સ્ટાફને સાથે રાખીને સવારથી બપોર સુધી આશરે બે ડઝનથી વધુ નાના-મોટા દબાણો દૂર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ પૂર્વે અહીંના જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને મીટીંગ યોજી અને દબાણ હટાવ કામગીરી અંગેની સમીક્ષા પણ કરાઈ હતી. નગરપાલિકાના ચીફ ઓફિસર, બાંધકામ એન્જિનિયર, પી.આઈ., એ.આર.ટી.ઓ. સહિતના અધિકારીઓ તથા સ્ટાફનો વિશાળ કાફલો નિયત [redacted] કરાવવામાં આવ્યા હતા. આટલું જ નહીં, કેટલાક સ્થળોએ રહેલા ઝુંપડા પણ હટાવવાની કામગીરી કરાઈ હતી. આ સ્થળે પોલીસ તંત્ર દ્વારા આડેધડ રાખવામાં આવેલા દુકાનદારોના વાહનો ડિટેઈન કરવા તેમજ આરટીઓ દ્વારા દંડ કરવા અને પીજીવીસીએલ તંત્ર દ્વારા વીજ જોડાણો દૂર કરવાની સઘન કામગીરી કરવામાં આવી હતી. હાઈકોર્ટના આદેશ બાદ સફાળા જાગેલા તંત્રએ જુદા જુદા ચાર માર્ગો પૈકી એક માર્ગ પર લારી, ગલ્લા, રેંકડીઓ સહિતના દબાણો હટાવ્યા હતા. આગામી દિવસોમાં હજુ પણ અન્ય સ્થળોએથી આ પ્રકારના દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

CMYK

# મારૂ જૂનાગઢ, નશામુકત જૂનાગઢ : આજે રન ફોર જૂનાગઢ કાર્યક્રમ ઈતિહાસ સર્જશે



## ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે રન ફોર જૂનાગઢનું પ્રસ્થાન થશે ૨૪ હજાર લોકો દોડના સહભાગી બનશે : જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ પોલીસ તંત્ર દ્વારા તૈયારીને ઓપ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૪

જૂનાગઢ શહેરમાં આજે ડ્રગ્સ ઉપર જીતના સંદેશ મારૂ જૂનાગઢ નશામુકત જૂનાગઢની થીમ અંતર્ગત રન ફોર જૂનાગઢનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. રન ફોર જૂનાગઢના કાર્યક્રમનું ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આજે બપોરના ૪:૩૦ કલાકે પ્રસ્થાન કરવામાં આવશે. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ યોજાનાર આ કાર્યક્રમને લઈને તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. રન ફોરજૂનાગઢનું કાઉન્ડાઉન શરૂ થઈ ગયું છે. લોકોમાં પણ ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. આજે જૂનાગઢ ખાતેથી ડ્રગ્સ ઉપર જીતના અભિયાન અંતર્ગત યોજાનાર રન ફોર જૂનાગઢનો કાર્યક્રમ નવો રેકોર્ડ સર્જશે અને જેની ગુંજ ગુજરાતમાં અને દેશભરમાં ગુંજી ઉઠશે તેમ મનાઈ છે.

રાજયના ગૃહ વિભાગ દ્વારા નશીલા પદાર્થો સામે કાર્યવાહીની સાથે લોકોમાં જાગૃતિ આવે તેવા શુભ હેતુ સાથે એક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે અને જેના ભાગરૂપે આજે જૂનાગઢમાં તા.૪ નવેમ્બર સાંજે ૫ કલાકથી ૧૦ કલાક સુધી જૂનાગઢ શહેરમાં પોલીસ વિભાગ દ્વારા ૫ અને ૧૦ કિલોમીટરની દોડનું આયોજન કરવામાં આવેલ છે. જેને લઈને ગઈકાલે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા ગઈકાલે કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભાખંડમાં એક પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી અને જેમાં વિસ્તૃત વિગતો આપવામાં આવી હતી. જેમાં જૂનાગઢ ખાતે યોજાનાર રન ફોર જૂનાગઢના આ કાર્યક્રમમાં ૨૪ હજાર જેટલા શહેરીજનોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાં સાત વર્ષના બાળકથી લઈને તેમના માતા-પિતા અને સિનીયર સિટીઝનમાં ૮૭ વર્ષના વયોવૃધ્ધ સુધીનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. આ તકે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે, ડ્રગ્સ ઉપર જીતના સંદેશ સાથે મારૂ જૂનાગઢ, નશામુકત જૂનાગઢની થીમ સાથે આજે શહેરમાં પ્રથમ વખત રન ફોર જૂનાગઢનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૫ કલાકે રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ફલેગ ઓફ કરવામાં આવશે. કૃષિ યુનિવર્સિટીના મેદાનથી દોડનો આરંભ કરવામાં આવશે. જેમાં ૫ અને ૧૦ કિલોમીટરની બે દોડનું આયોજન છે. પાંચ કિલોમીટરની દોડ કોમ્પિટિશન રન હશે. જેમાં ભાગ લેનાર સ્પર્ધકોને અલગ-અલગ કેટેગરીમાં ઉમર વાઈઝ રોકડ પુરસ્કાર, શિલ્ડ આપવામાં આવશે. સાથે રન ફોર જૂનાગઢના રૂટ ઉપર ઉત્સાહ વધારવા માટે વિવિધ સમાજ, સંપ્રદાય અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ૨૭ સ્થળે સાંસ્કૃતિક સ્ટેજ ઉભા કરવામાં આવ્યા છે. જેમાં અલગ-અલગ પોલીસ બેન્ડથી લઈને અનેક કાર્યક્રમો યોજશે. જેમાં પણ શિસ્તબધ્ધ, સાંસ્કૃતિક, ડેકોરેશન, સ્વચ્છતા, પર્ફોમેન્સ અંગે ઈનામ આપવામાં આવશે. ૧૦ કિલોમીટરની દોડમાં ભાગ લેનાર દરેક સ્પર્ધકોને ટીશર્ટ અને ટાઈમર ચીપ આપવામાં આવી હશે જેના આધારે વિજેતા જાહેર થશે. આ દોડમાં યુવાનોમાં નશાનું દુષણ દુર કરવા માટે અને દુષણથી બચાવવા માટેનું છે. પોલીસનું જન જાગૃતિનું અભિયાન ઘર-ઘર સુધી પહોચે તે હેતુથી આ દોડનું આયોજન કરવામાં આવ્યું છે. દોડના રૂટ ઉપર સ્પર્ધકોના આરોગ્યને લઈને એક-એક કિલોમીટરના અંતરે સરકારી અને ખાનગી તબીબોની ટીમ અને સુવિધા ઉભી કરવામાં આવી છે. ૧૦ કિલોમીટરની દોડ કૃષિ મેદાનથી શરૂ થશે ત્યાંથી મધુરમ ત્યાંથી પરત અક્ષર મંદિર, જીલ્લા સેવા સદન, તાલુકા સેવા સદન, મોતીબાગ સર્કલ, ભૂતનાથ ફાટકથી પરત કૃષિ યુનિવર્સિટી ખાતે પુર્ણ થશે.

**ગૃહ રાજયમંત્રીના હસ્તે ૩ એપ્લીકેશન લોંચ કરાશે**

જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે, પોલીસ વિભાગ દ્વારા ત્રણ એપ્લીકેશન તૈયાર કરી છે. જેમાં ક્રિમિનલ ટ્રેકિંગ સિસ્ટમ ટેકનિકલ સાવજ એપ, બીજું સિનીયર સિટીઝન સલામતી માટેનું પોર્ટલ અને ત્રિજુ પોલીસકર્મીનું શારિરીક અને માનસિક સ્વાસ્થ્ય જાળવવા પોલીસ વેલફેર પ્રોજેકટનું રાજયના ગૃહમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે.

**રન ફોર જૂનાગઢને લઈને ૩ મુખ્ય રસ્તાઓ બંધ રહેશે**

આજે બપોરના ૪ કલાકથી રાતના ૧૦ કલાક સુધી વાહનો માટે ૩ માર્ગો ઉપર પ્રતિબંધ રહેશે.

જેમાં સોમનાથ, પોરબંદર, કેશોદ તરફથી શહેરમાં પ્રવેશતા વાહનો માટે મધુરમ તરફનો રસ્તો બંધ રહેશે. જયારે અમરેલી, વિસાવદર તરફથી આવતા વાહનો માટે ભૂતનાથ ફાટકથી મોતીબાગ સુધી બંધ રહેશે. જયારે સરદારબાગ તરફથી મોતી બાગ તરફ આવતા વાહનો માટે પ્રવેશબંધી કરવામાં આવી છે. ભારે વાહનો માટે શહેરના બહારના વિસ્તારથી અને નાના વાહનો માટે મધુરમ ચોકડીથી ઝાંઝરડા ચોકડી, બાયપાસ અને ચોબારી, ખામધ્રોળ રોડથી પસાર થવાનું રહેશે.

**૧૦ કિમીની દોડમાં ૫ હજારથી ૨૫ હજાર સુધીનું રોકડ પુરસ્કાર**

૧૦ કિલોમીટરની દોડમાં ૧૪ થી ૧૮ વર્ષની વયમાં પ્રથમ આવનારને ૧૫ હજાર, દ્વિતીય આવનારને ૧૦ હજાર અને ત્રીજા સાથે આવનારને ૫ હજાર રોકડ ઈનામ આપવામાં આવશે. જયારે ૧૮ થી ૩૫ વર્ષની વયમાં પ્રથમને ૨૫ હજાર, બીજા નંબરને ૧૫ હજાર, ત્રીજા નંબરને ૧૦ હજાર રોકડ પુરસ્કાર અપાશે. તો ૩૫ થી ૫૫ વર્ષમાં અને સિનીયર સિટીઝનમાં અને પ્રથમને ૧૫ હજાર, બીજાને ૧૦ હજાર અને ત્રીજા ક્રમને ૫ હજાર રોકડ પુરસ્કાર મળશે.

# આવતીકાલે રવિપુષ્યામૃત યોગ ખરીદી માટે લોકોમાં ભારે ઉત્સાહ









(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૪

દિપાવલી અને નૂતન વર્ષના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે આ તહેવારોની ઉજવણી અંતર્ગત લોકો દ્વારા સોનાના દાગીના, ઘરનું ઘર, વાહન વિગેરેની મોટા પ્રમાણમાં ખરીદી થતી હોય છે. આપણે ત્યાં શુભ મુહુર્ત જોવા જઈએ તો ગુરૂપુષ્ય યોગ એ ખરીદી માટેનો ઉત્તમ દિવસ છે ત્યારે આજે શનિવાર આખો દિવસ અને રવિવારે સવાર સુધીના પુષ્ય નક્ષત્ર યોગમાં અનેક પ્રકારની ખરીદી જૂનાગઢ સહિત વિવિધ શહેરોમાં કરવામાં આવશે.

આજે આસો વદ ૭નો શનિવારે વિ.સં. ૨૦૭૯નું છેલ્લું પુષ્યનક્ષત્ર હતું. આ નક્ષત્ર આજે શનિવાર આખો દિવસ અનો રવિવારે આસો વદ આઠમે સવારે ૧૦:૩૧ સુધી રહેશે અને રવિવારે પુષ્ય નક્ષત્ર આવતું હોવાથી રવિ પુષ્યમૃત યોગ તરીકે મનાવવામાં આવશે. નવા વર્ષ વિ.સં.૨૦૮૦ માટે તમામ ખરીદી સાથે વેપાર-વ્યવસાય કરનાર વેપારીઓ ચોપડા ખરીદવા કે ઓર્ડર આપવા ઉત્તમ દિવસ હોય જેને લઈને મોટાપાયે ખરીદી થઈરહી છે. આકાશમાં કુલ ૨૭ નક્ષત્ર હોય છે અને તેમાં પુષ્ય નક્ષત્રને અત્યંત શુભ માનવામાં આવે છે. બધા જ નક્ષત્રમાં પુષ્યને રાજા કહેવાય છે. કારણ કે, પુષ્ય નક્ષત્ર ૮મું છે અને તેનો સ્વામી શનિ ગણાય છે. અંકશાસ્ત્ર મુજબ શનિ માટેનો અંક ૮ ગણાય છે. આ દિવસે તમામ પ્રકારની નાનીમોટી ખરીદી, સોનુ-ચાંદી કે ઈલેકટ્રીનિકસ ચીજવસ્તુઓ, નવા વાહનની ખરીદી તેમજ અન્ય કરારો કરી શકાય તથા પૂજાની સામગ્રીમાં ચંદન, કેસર, કપુર, પીળા રંગનું કાપડ, અગરબતી, શુધ્ધ ઘી ખરીદવાનું અનેરૂ મહત્વ છે. ઉપરાંત વેપારીઓ નવા વર્ષ માટે ચોપડાની ખરીદી કરી હતી. આ યોગમાં કરેલી ખરીદી ચિરકાલીન સુધી શુભત્વ અપાવે છે. ધર્મ, કર્મ, મંત્રજાપ, ધાર્મિક વિધીઓ, મંત્રદીક્ષા, બ્રાહ્મણને દાન-દક્ષીણા આપવાનું અત્યંત શુભ માનવામાં આવે છે. ગૌપૂજા કરવાનું વિશેષ મહત્વ રહેલું છે. જેને લઈને જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં લોકોએ ખરીદી કરી હતી.


**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**પાર્ટ સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનીંગના આઉટસોર્સીંગની જોગવાઇ માટે પ્રસ્તાવ.**

1. ઇ-ટેન્ડર નોટિસ નં.: DRM-RJT-23-24-SnT-E-10R તા. 25-10-2023, ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (એસએન્ડટી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. વેબસાઇટની વિગત: www.ireps.gov.in ટેન્ડર નં.: DRM-RJT-23-24-SnT-E-10R તા. 25-10-2023, કામનું નામ: પશ્ચિમ રેલવેના વર્ષ 2023-24 માં રાજકોટ ડિવિઝનના ADSTE-SUNR સેક્શનમાં આઉટડોર સિગ્નલીંગ ગિયર્સના રિપેર અને મેન્ટેનન્સ માટેના કાર્ય સાથે સંબંધિત પાર્ટ સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનીંગના આઉટસોર્સીંગની જોગવાઇ માટે પ્રસ્તાવ. ટેન્ડરનો અંદાજીત ખર્ચ: ₹ 88,50,877.54 (રૂ.ઇઠ્યાસી લાખ પચાસ હજાર આઠસો સિત્યોતેર અને ચોપન પૈસા પુરા). અર્નેસ્ટમની ડિપોઝીટ: ₹ 1,77,000/- (રૂ. એક લાખ સિત્યોતેર હજાર પુરા). ટેન્ડર ફોર્મ ફી: ₹ 00.00 (શુન્ય) પેરા-3, GCC - જુલાઇ -2022 મુજબ. ઓનલાઇન અરજીની છેલ્લી તારીખ અને સમય: 24.11.2023ના 15.30 કલાક સુધી. 94

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# દિવાળીનું પર્વ ઘર આંગણે આવી ગયું પરંતુ જૂનાગઢના રસ્તાઓ ન બન્યા તે નજ બન્યા !!

## શહેરીજનોની રસ્તાઓ અંગેની માંગણી ન સંતોષાતા લોકોમાં તીવ્ર રોષ : આગામી ચૂંટણીમાં તેનો પડઘો પડશે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૪

જૂનાગઢ શહેર જેમ પ્રવાસન સ્થળોને લઈને સુવિખ્યાત છે તેમ ખરાબ રસ્તાઓને લઈને આ શહેર કુખ્યાત બની ગયેલ છે. આ શહેરની મુલાકાતે આવનારા લોકો જૂનાગઢના રસ્તાઓને જોઈને વ્યથિત થયા છે અને શહેરીજનો સાથે પ્રવાસી જનતાની પણ રસ્તાઓ અંગેની રજુઆતોને જાણે મનપાના તંત્ર વાહકોના બહેરા કાને અથડાતી નથી તેવું લાગે છે. ગુજરાત સરકાર અને મુખ્યમંત્રી સુધી જૂનાગઢના રસ્તાઓ અંગેના અહેવાલો સુપ્રત થયા છે. અનેક રજુઆતો કરવામાં આવી છે અને લોકોની ફરિયાદોને ધ્યાને લઈ જૂનાગઢ ખાતે આવેલા મુખ્યમંત્રીશ્રીએ મનપાના શાસકોને દિવાળી સુધીમાં રસ્તા બની જાય તેવી જનતાની ફરિયાદનો પડઘો પાડી અને ટકોર પણ કરી હતી. મુખ્યમંત્રીએ જયારે રસ્તાઓ અંગે સુચનો કર્યા છે ત્યારે આ શહેરના રસ્તાઓ સારા બની જશે તેવી લોકોને અપેક્ષા હતી પરંતુ દિવાળીનું આ પર્વ નજીક આવી રહ્યું છે તેમ છતાં જૂનાગઢ શહેરના રસ્તાઓને સારા બનાવવા માટેનું કોઈ અભિયાન હાથ ધરાયું નથી. ગેરકાયદેસર બાંધકામોને દુર કરવાની પણ વાત હતી પરંતુ મનપા તંત્રએ આવા ગેરકાયદેસર મહાકાય દબાણો તો દુર કરી શકયું નથી પરંતુ નાનાપાયે પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા લારી અને કેબિન ધારકોના ધંધા ઉપર પાટુ માર્યું છે. શહેરના મુખ્ય માર્ગો ઉપરથી દબાણ હટાવાના બહાને ખાણીપીણીની લારીઓ-કેબિનો દુર હટાવી દીધી છે અને જેને લઈને લારી-કેબિન ધારકોમાં રોષની લાગણી પ્રગટી છે. મનપાના દરવાજે દરરોજ માટે પોતાના ધંધા રોજગાર ફરી શરૂ કરવા માટેની જગ્યા ફાળવવા અથવા તો જે સ્થાન ઉપર લારી-કેબિનો હોય ત્યાં ફરી મુકવા અને તહેવારોના દિવસો દરમ્યાન રોજગારીના વિકલ્પ આપવાની માંગણી કરવામાં આવી રહી છે. જૂનાગઢ શહેરની જનતાઓ પ્રાથમિક સુવિધાના અનેક પ્રશ્નોથી વર્ષોથી પીડાઈ રહી છે. ભાજપનું શાસન આવ્યા બાદ તેની આ સમસ્યામાં અનેકગણો વધારો થયો છે ત્યારે આગામી ચૂંટણીઓમાં કહેવાતા નેતાઓને ઘરભેગા કરવાનો સમય હવે પાકી ગયો હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

# જૂનાગઢ યાર્ડમાં એક જ દિવસમાં ૬ કરોડનું સોયાબીનનું થયું વેંચાણ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૪ :જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં એક જ દિવસમાં ૬ કરોડ રૂપિયાના સોયાબીનનું વેંચાણ થયું હતું. ઉપરાંત સોયાબીનની ૫૮,૭૫૦ મણની આવક સાથે ખેડૂતોને સૌથી ઉંચા ભાવ રૂપિયા ૧૦૦૬ મળ્યા હતા. જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં દરરોજ સારા પ્રમાણમાં સોયાબીનની આવક થઈ રહી છે. જૂનાગઢ ઉપરાંત આસપાસના વિસ્તારમાંથી ધરતીપૂત્રો વહેલી સવારથી વાહનોમાં સોયાબીન લઈને વેંચાણ કરવા માટે યાર્ડમાં પહોંચી ગયા હતા. સવાર થી જ યાર્ડ પાસે વાહનોના થપ્પા લાગી ગયા હતા. માર્કેટીંગ યાર્ડના સેક્રેટરી દિવ્યેશ ગજેરાએ જણાવ્યું કે, જૂનાગઢ યાર્ડમાં સોયાબીનની આવકમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. જ્યારે શુક્રવારે એકજ દિવસમાં ૬ કરોડના સોયાબીનનું વેંચાણ થયું હતું. વહેલી સવારથી ખેડૂતોના વાહનની કતાર લાગી હતી. બાદમાં હરરાજીમાં વેપારી, એક્ષપર્ટો જોડાતા ખેડૂતોને મણના ઉંભા ભાવ રૂપિયા ૧૦૦૬ મળ્યા હતા. યાર્ડમાં સોયાબીનની આવકમાં વધારો થતા ઘણીવાર તો આવક બંધ રાખવાની નોબત આવે છે. આમ, જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં સોયાબીનના સારા પ્રમાણમાં ભાવ મળવાથી જૂનાગઢ ઉપરાંત આસપાસના જીલ્લાઓમાંથી ખેડૂતો અહીં વેંચાણ માટે આવે છે.


**ૐ નેચર કયોર સેન્ટર**

**ડો. સી.ડી. ઓઝા**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



**અધ્યતન બંગલો વેચવાનો છે**

બજાર કિંમતથી અડધી કિંમતે, મોટા મોટા પાંચ રૂમ, હોલ, કિચન વરસાદના પાણીનો ૯૦૦૦ લિટરનો ભૂગર્ભ ટાંકો, ૧૬૦ ફૂટનો બોર, રોયલ ટચ સનમાઈકા અને દશ વર્ષ ગેરંટી વાળા પ્લાયવુડ સાથેનું ફર્નિચર, ૧૦૦% પાઇનવાળા ગર્જન કંપનીના બધા જ દરવાજા, દરેક બારીમાં મચ્છર જારી, ૧૫૨ ચોરસ વારમાં ૯૦% બાંધકામ, ઉતરાભિમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબનું ફક્ત ૯ નવ વર્ષનું નવું બાંધકામ, અધ્યતન બંગલો વેચવાનો છે.

દોમડીયાવાડી પાસે, SBI સામે, ગીરીકુંજ સોસાયટી.

મો. ૭૫ ૭૫ ૮૦ ૬૫ ૮૫



**સૌરાષ્ટ્રનો નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ**

**CNG - LPG રી-ટેસ્ટીંગ**

**CNG ફીટીંગ સેન્ટર**

**યશ ઓટો ગેસ**

મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪

ઝાંઝરડા બાયપાસ ચોકડી, LPG પંપની પાછળ, જૂનાગઢ



**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જ્યોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

**આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ**

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું



**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

**બીના ઈલેક્ટ્રોનિક્સ**

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.